ઈસરોએ PSLV C-52 દ્વારા પૃથ્વી નિરિક્ષણ ઉપગ્રહ લોંચ કર્યો.

**E-COPY**
**(FEBRUARY-2022)**
(Week 1 to 4)

**ISRO MISSION PSLV-C52/EOS-04**




PSLV-C52/
EOS-04

# વર્તમાન પ્રવાહો

**: DATE :**
**01/02/2022 to 28/02/2022**

ગાંધીનગર ખાતે ડિફેન્સ એક્સ્પો નું આયોજન

**11-13 MARCH 2022**
**GANDHINAGAR, GUJARAT**

India : The Emerging Defence Manufacturing Hub
defexpo INDIA 2022
DEFEXPO 22
INDIA
11-13 MARCH 2022, GANDHINAGAR
Ministry of Defence

પ્રધામંત્રીએ હૈદરાબાદ ખાતે રામાનુજાચાર્યની પ્રતિમાનું અનાવરણ કર્યું



વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક વર્તમાન પ્રવાહો

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **તાજેતરમાં વડાપ્રધાને 11મી સદીના ભકિત સંત શ્રી રામાનુજાચાર્યની સ્મૃતિમાં બનાવવામાં આવેલી 216 ફૂટ ઊંચી 'સ્ટેચ્યુ ઓફ ઈક્વાલિટી' રાષ્ટ્રને સમર્પિત કરી.**

→ આ પ્રતિમા તેલંગાણા રાજ્યના હૈદરાબાદના મુચિંતલ ગામમાં બનાવવામાં આવી છે.

→ આ પ્રતિમા વિશ્વની બીજી સૌથી ઊંચી બેઠક પ્રતિમા છે.

→ રામાનુજનનો જન્મ વર્ષ 1017માં તમિલનાડુના શ્રીપેરમ્બદુર ગામમાં થયો હતો. તેઓ એક મહાન ધર્મશાસ્ત્રી હતા જેમણે વિશ્વ ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. રામાનુજાચાર્ય વેદાંત અને વૈષ્ણવ દર્શનના મહાન સમર્થક હતા.

❖ **કેન્દ્ર સરકાર દ્વારા કોવિડ–19 ફાટી નીકળવાના કારણે પ્રભાવિત થયેલા શૈક્ષણિક વર્ષને આયોજનબદ્ધ રીતે ચલાવવા માટે 'PM ઈ–વિદ્યા યોજના' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.**

→ આ કાર્યક્રમ દ્વારા ડિજિટલ શિક્ષણ પ્રણાલીને પ્રોત્સાહન આપવામાં આવશે, જે અંતર્ગત કમ્યુનિટી રેડિયો, શૈક્ષણિક ચેનલો, ઈ–કોર્સ શરૂ કરવાની જોગવાઈ છે. તેમજ 12 નવી ટીવી ચેનલો શરૂ કરવામાં આવશે. જે ધોરણ 1 થી ધોરણ 12 માટે રહેશે.

→ બજેટ 2022-23 અનુસાર 200 ટીવી ચેનલો શરૂ કરવામાં આવશે જે વન કલાસ વન ટીવી ચેનલ ના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવશે.

❖ **માનવ તસ્કરીને રોકવા માટે તાજેતરમાં રેલવે સુરક્ષા બળ (RPF) દ્વારા ઓપરેશન આહત શરૂ કરવામાં આવ્યું છે.**

→ આ ઓપરેશન મુખ્યત્વે સરહદી દેશો સાથે ચાલતી ટ્રેનો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ કામગીરી રેલવે મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. રેલવે સુરક્ષા બળ રેલવે મંત્રાલય હેઠળ કામ કરે છે. ઓપરેશનના ભાગરૂપે, રેલવે સુરક્ષા બળ લાંબા અંતરની ટ્રેનોમાં વિશેષ દળો તૈનાત કરશે. આ ઓપરેશન મુખ્યત્વે મહિલાઓ અને બાળકોને તસ્કરોથી બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને ભારતીય રેલવે દ્વારા સંચાલિત દરેક ટ્રેનમાં આ ઓપરેશન લાગુ કરવામાં આવશે. આ ઓપરેશન મ્યાનમાર, નેપાળ અને બાંગ્લાદેશથી ઉપડતી ટ્રેનો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

❖ **પ્રધાનમંત્રીએ 05 ફેબ્રુઆરી, 2022ના રોજ હૈદરાબાદના પતંચેરૂ ખાતે આંતરરાષ્ટ્રીય અર્ધ–શુષ્ક ઉષ્ણકટિબંધીય પાક સંશોધન સંસ્થાની સુવર્ણ જયંતિ ઉજવણીનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ આ અવસરે દેશમાં કૃષિ ક્ષેત્ર સામેના પડકારોનો સામનો કરવામાં મદદ કરવા માટે વૈજ્ઞાનિકો અને લોકોની સંયુકત ભાગીદારી પર ભાર મૂકયો હતો. અર્ધ–શુષ્ક ઉષ્ણકટિબંધ માટે ઈન્ટરનેશનલ ક્રોપ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ – (International Crops Research Institute for the Semi-Arid Tropics – ICRISAT) એ બિન–લાભકારી, બિન–રાજકીય સંસ્થા છે જે એશિયા અને સબ–સહારન આફ્રિકાના શુષ્ક પ્રદેશોમાં કૃષિ વિકાસ માટે સંશોધન કરે છે. જેની સ્થાપના 1972 માં થઈ હતી. તેનું મુખ્યાલય હૈદરાબાદ ખાતે આવેલું છે.

❖ **તાજેતરમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) એ દીક્ષાંત સમારોહ દરમિયાન હિપ્પોકેટિક શપથને ચરક શપથ સાથે બદલવાના સૂચનોનો નેશનલ મેડિકલ કમિશન (NMC) દ્વારા વિરોધ કર્યો છે.**

→ IMA અનુસાર, ચરક શપથ આધુનિક ચિકિત્સાનાં દૃષ્ટિકોણથી ડિઝાઈન કરવામાં આવ્યો ન હતો. IMAનું માનવું છે કે પ્રસ્તાવિત પ્રતિજ્ઞા આધુનિક દવાને વૈશ્વિક સમુદાયથી દૂર કરશે, જે તબીબી ક્ષેત્રના વિકાસમાં અવરોધરૂપ બનશે.

→ હિપ્પોક્રેટિક શપથએ નવા મેડિકલ સ્નાતકો માટે નૈતિક સંહિતા છે. તે પ્રાચીન ગ્રીક ચિકિત્સક હિપ્પોક્રેટ્સ દ્વારા લખવામાં આવ્યું હતું. આ શપથમાં વર્લ્ડ મેડિકલ એસોસિએશન (WMA) દ્વારા સુધારો કરવામાં આવ્યો હતો અને વર્ષ 1948માં જિનીવા ઘોષણા તરીકે પ્રચાર કરવામાં આવ્યો હતો. તે ચિકિત્સકોની વ્યાવસાયિક ફરજોની રૂપરેખા આપે છે અને વૈશ્વિક તબીબી વ્યવસાયના નૈતિક સિદ્ધાંતોને સમર્થન આપે છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર દ્વારા એવી માહિતી આપવામાં આવી છે કે રૂ. 190 કરોડથી વધુના ખર્ચનો 'દેવિકા નદી પ્રોજેક્ટ' જૂન 2022 સુધીમાં પૂર્ણ થશે.**

→ આ પ્રોજેક્ટનું નિર્માણ જમ્મુ–કાશ્મીરમાં થઈ રહ્યું છે.

→ દેવિકા નદી પ્રોજેકટ એ નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન (NRCP) હેઠળ માર્ચ 2019માં આ પ્રોજેકટ પર કામ શરૂ કરવામાં આવ્યું હતું. પ્રોજેકટ હેઠળ દેવિકા નદીના કિનારે સ્નાનઘાટનનો વિકાસ, અતિક્રમણ દૂર કરવા, કુદરતી જળાશયોની પુનઃસ્થાપના અને સ્મશાનભૂમિ સાથેના કેચમેન્ટ વિસ્તારોનો વિકાસ કરવામાં આવશે. આ પ્રોજેકટમાં ત્રણ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, 129.27 કિમી લાંબુ ગટર નેટવર્ક, બે સ્મશાન ઘાટનો વિકાસ, સુરક્ષા ફેન્સીંગ અને લેન્ડસ્કેપિંગ, નાના હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટ અને ત્રણ સોલાર પાવર પ્લાન્ટનો સમાવેશ થાય છે. પ્રોજેકટ પૂર્ણ થતા નદીઓના પ્રદૂષણમાં ઘટાડો થશે અને પાણીની ગુણવત્તામાં સુધારો થશે.

❖ **ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજની 92મી જન્મજયંતિ નિમિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશન'ની શરૂઆત કરી હતી.**

→ આ સમારોહ દરમિયાન વડાપ્રધાને લોકોને ભારતીય સંગીતને વિશ્વમાં લઈ જવાનો આગ્રહ કર્યો અને લોકોને સંગીત પર આધારિત સ્ટાર્ટઅપ સ્થાપવાનું કહ્યું હતું.

→ પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશનની સ્થાપના પંડિત જસરાજના પુત્ર શારંગ દેવ પંડિત અને તેમની પુત્રી દુર્ગા જસરાજ દ્વારા કરવામાં આવી હતી. આ ફાઉન્ડેશનની શરૂઆત ભારતના રાષ્ટ્રીય વારસા, કલા અને સંસ્કૃતિનું સંરક્ષણ, વિકાસ અને સંવર્ધનના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી.

→ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજનો જન્મ 28 જાન્યુઆરી, 1930ના રોજ ભારતમાં વર્તમાન હરિયાણાના હિસાર જિલ્લાના પિલિ મંદોરી નામના ગામમાં થયો હતો. પંડિત જસરાજ મેવાતી ઘરાના સાથે સંકળાયેલા શાસ્ત્રીય સંગીતકાર હતા. પંડિત જસરાજે કારકિર્દીનો પ્રારંભ તબલા વાદક તરીકે કર્યો હતો. ત્યારબાદ તેઓ શાસ્ત્રીય ગાયક તરીકે પ્રસિદ્ધ થયા હતા. 'જસરંગી' તરીકે ઓળખાતી 'જુગલબંદી' નામની ગાયનની નવી શૈલી માટે તેઓ પ્રસિદ્ધ હતા.

- **તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે કર્ણાટકમાં બેલુર, હલેબિડુ અને સોમનાથપુરાના 'હોયસલા મંદિરો'ને વર્ષ 2022-23 માટે ભારત તરફથી 'વર્લ્ડ હેરિટેજ યાદી' માટે નામાંકિત કરવામાં આવ્યા છે.**
  → 15 એપ્રિલ, 2014 થી 'હોયસલા મંદિરો' યુનેસ્કોની સંભવિત યાદીમાં છે. આ સાઈટનું મૂલ્યાંકન સપ્ટેમ્બર અથવા ઓકટોબર 2022માં કરવામાં આવશે અને ડેઝિયરને જુલાઈ અથવા ઓગસ્ટ 2023માં ધ્યાનમાં લેવામાં આવશે.
- **તાજેતરમાં ભારતીય નૌકાદળ દ્વારા પશ્ચિમ કિનારે અરબી સમુદ્રમાં 'પશ્ચિમ લહેર અભ્યાસ' (Exercise Pachim Laher) હાથ ધરવામાં આવ્યો હતો.**
  → આ અભ્યાસમાં ભારતીય સેના અને ભારતીય વાયુસેના પણ સામેલ હતી. આ કવાયત 20 દિવસ સુધી હાથ ધરવામાં આવી હતી. ભારતીય સેના, ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ વચ્ચે ઓપરેશનલ સહયોગ વધારવા માટે તેનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય નૌકાદળના પશ્ચિમી કમાન્ડે આ કવાયતમાં ભાગ લીધો હતો. આ અભ્યાસમાં 40થી વધુ જહાજો અને સબમરીનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ભારતીય વાયુસેનાના SU 30 MKI, ફ્લાઈંગ રિફ્યુઅલિંગ એરક્રાફ્ટ અને જગુઆર મેરિટાઈમ સ્ટ્રાઈક એરક્રાફ્ટ તૈનાત કર્યા હતા.
- **'ઈન્ડિયા પ્રેસ ફ્રીડમ રિપોર્ટ, 2021' તાજેતરમાં રાઈટ્સ એન્ડ રિસ્ક્સ એનાલિસિસ ગ્રુપ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.**
  → આ રિપોર્ટ અનુસાર ભારતમાં 13 મીડિયા હાઉસ અને અખબારોને નિશાન બનાવવામાં આવ્યા હતા, 108 પત્રકારો પર હુમલા થયા હતા અને 6 પત્રકારોની હત્યા કરવામાં આવી હતી. પત્રકારો પર સૌથી વધુ હુમલા જમ્મુ–કાશ્મીરમાં થયા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ બીજા સ્થાને જ્યારે મધ્યપ્રદેશ ત્રીજા ક્રમે રહ્યું.
- **27 જાન્યુઆરી, 2022ના રોજ પ્રથમ માલસામાન ટ્રેન મણિપુરના રાણી ગાઈડિન્લ્યુ સ્ટેશન પર આવી પહોંચી હતી.**
  → આઝાદીના 75 વર્ષ બાદ મણિપુરમાં પ્રવેશનારી આ પ્રથમ માલસામાન ટ્રેન છે, તે મણિપુર રાજ્યમાં થઈ રહેલા ઝડપી પરિવર્તનને દર્શાવે છે.
  → મણિપુરમાં બનેલી આ નવી રેલવે લાઈન 111 કિલોમીટર લાંબી છે. તે જીરીબામથી ઈમ્ફાલ સુધી ચાલે છે. આ લાઈનમાં વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ પણ આવેલ છે.
- **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ચૌરી–ચૌરા' ઘટનાના 100 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સ્વતંત્રતા સંગ્રામના વીરોને શ્રદ્ધાંજલી આપી હતી.**
  → 'ચૌરી–ચૌરા' એ ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લામાં આવેલું એક શહેર છે. ચૌરી–ચૌરાની ઘટના 4 ફેબ્રુઆરી, 1922ના રોજ ચૌરી–ચૌરા શહેરમાં અસહકાર આંદોલન દરમિયાન બની હતી. આ આંદોલનમાં હિંસાને કારણે મહાત્મા ગાંધીજીએ 12 ફેબ્રુઆરી, 1922ના રોજ અસહકાર આંદોલન પાછું ખેંચી લીધું હતું.
- **રસાયણ મંત્રાલયે તાજેતરમાં NIPER પોર્ટલ લોન્ચ કર્યું.**
  → NIPER નું પૂરું નામ 'National Institute of Pharmaceutical Education and Research' છે. રસાયણ મંત્રાલયે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં નવીનતા અને સંશોધનને સરળ બનાવવા માટે તાજેતરમાં NIPER પોર્ટલ શરૂ કર્યું છે. NIPER સંશોધન પોર્ટલ NIPER ની સંશોધન પ્રવૃત્તિઓ વિશે માહિતી પ્રદાન કરશે. આ પોર્ટલ NIPERની પેટન્ટ અને પ્રકાશન માહિતી પણ સૂચિબદ્ધ કરશે. તે તમામ NIPER સંશોધન વિગતો એક જગ્યાએ રાખશે. આ પોર્ટલ સંશોધકોને યોગ્ય સંસ્થાઓનો સંપર્ક કરવામાં તથા ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોના વિકાસમાં મદદ કરશે. NIPER એ રાષ્ટ્રીય સ્તરના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોનું એક જૂથ છે.
- **અટલ ઈનોવેશન મિશન (AIM), નીતિ આયોગ અને યુ.એસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)એ 'સસ્ટેનેબલ એક્સેસ ટુ માર્કેટ્સ એન્ડ રિસોર્સીસ ફોર ઈનોવેટિવ ડિલિવરી ઓફ હેલ્થ કેર' (સમૃદ્ધ/SAMRIDH) પહેલ હેઠળ નવી ભાગીદારીની જાહેરાત કરી છે.**
  → આ MoU કોવિડ–19ની ચાલી રહેલી ત્રીજી તરંગ માટે અસરકારક ટેકો આપવા અને ભવિષ્યમાં ચેપીરોગ ફાટી નીકળવા અને આરોગ્ય કટોકટીઓ માટે આરોગ્ય પ્રણાલીઓનું નિર્માણ કરવાના સામાન્ય ધ્યેય સાથે હેલ્થકેર લેન્ડસ્કેપમાં નવીનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
  → વર્ષ 2020માં યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) અને ખાનગી ક્ષેત્રોના હિતધારકોએ બજાર આધારિત આરોગ્ય ઉકેલો બનાવવા અને વેગ આપવા માટે જાહેર સખાવતી ભંડોળને વ્યવસાયિક મૂડિ સાથે જોડાવા માટે એક નવીન સમૃદ્ધ મિશ્રિત ધિરાણ સુવિધા વિકસાવી હતી.
  → મિશ્ર ધિરાણ અને ધિરાણ તરફનો એક અભિગમ છે. જ્યાં જાહેર અને પરોપકારી સ્ત્રોતોમાં (જેમ કે અનુદાન અને સબસિડીવાળી મૂડી)માંથી ઉત્પ્રેરક ધિરાણનો ઉપયોગ સામાજિક લક્ષ્યો અને પરિણામો હાંસલ કરવા માટે ખાનગી ક્ષેત્રમાંથી વધારાના રોકાણને આકર્ષવા માટે થાય છે.
- **તાજેતરમાં અટલ ટનલને વર્લ્ડ ઓફ રેકોર્ડ્સ દ્વારા '10000 ફૂટ થી વધુની ઊંચાઈએ વિશ્વની સૌથી લાંબી હાઈવે ટનલ' તરીકે સત્તાવાર રીતે પ્રમાણિત કરવામાં આવી છે.**
  → વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ યુકે, એક એવી સંસ્થા છે જે અધિકૃત પ્રમાણપત્ર સાથે વૈશ્વિક અસાધારણ રેકોર્ડની સૂચી બનાવે છે અને તેની ચકાસણી કરે છે. 9.2 કિમી લાંબી આ ટનલ 3000 મીટરથી વધુની ઊંચાઈએ વિશ્વની સૌથી લાંબી હાઈવે ટનલ છે. આ ટનલ રોહતાંગ ઘાટની પશ્ચિમે એક પર્વતને પાર કરે છે.
  → આ ટનલથી મનાલી અને લેહ વચ્ચેના અંતરમાં 46 કિ.મી.નો ઘટાડો થયો છે. જેના કારણે પરિવહન ખર્ચમાં પણ કરોડો રૂપિયાની બચત થઈ છે. આ ઉપરાંત આ ટનલના નિર્માણથી હિમાચલ પ્રદેશ અને લદ્દાખના અંતરિયાળ વિસ્તારોમાં બારે માસ રોડ કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.
- **સ્વાસ્થ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ તાજેતરમાં દેશમાં બાળકો અને સગર્ભા મહિલાઓને ગંભીર રોગોથી બચાવવા માટે 'સઘન મિશન ઈન્દ્રધનુષ'ના ચોથા તબક્કાની શરૂઆત કરી છે.**
  → દેશમાં સંપૂર્ણ રસીકરણ માટે આ એક વિશેષ અભિયાન છે. આ મિશન દ્વારા સંપૂર્ણ રસીકરણને વધુ વેગ મળશે . નોંધનીય છે કે અત્યાર સુધીમાં મિશન હેઠળ બાળકોનું રસીકરણ કવરેજ વધીને 76 ટકાથી વધુ થઈ ગયું છે. 'સઘન મિશન ઈન્દ્રધનુષ' કાર્યક્રમ વર્ષ 2017માં શરૂ કરવામાં આવ્યો હતો.

- **તાજેતરમાં રેલવે પ્રોટેકશન ફોર્સ (RPF) દ્વારા માનવ તસ્કરીને રોકવા માટે દેશવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.**
  - → આ અભિયાનને ઓપરેશન આહટ / આહત નામ આપવામાં આવ્યું છે. ભારતીય રેલવે દરરોજ 23 મિલિયનથી વધુ (કોરોના મહામારી પહેલા) મુસાફરોનું પરિવહન કરે છે, તે મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોની હેરફેરના શંકાસ્પદો માટે સૌથી મોટું સૌથી વિશ્વસનીય વાહક છે. ઓપરેશન આહટ / આહત (Operation AAHT) હેઠળ તમામ લાંબા અંતરની ટ્રેનો / માર્ગો પર વિશેષ ટીમો તૈનાત કરવામાં આવશે. જેમાં પીડિતોને ખાસ કરીને મહિલાઓ અને બાળકોને તસ્કરોના ચુંગલમાંથી બચાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.
  - → આ ઓપરેશન હેઠળ RPF લીડ્સ એકત્રિત કરશે, તેને મેચ કરશે તેનું વિશ્લેષણ કરશે તથા રૂટ, પીડિત, સ્ત્રોત, ગંતવ્ય સ્થાન, લોકપ્રિય ટ્રેનોની માહિતી વગેરે એકત્ર કરવામાં આવશે. RPF ઓપરેશનમાં તેની તમામ ગુપ્ત માહિતીનો ઉપયોગ કરશે. આ ઉપરાંત એકત્ર કરેલી માહિતીઓ અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે શેર કરવામાં આવશે.
  - → આ ઉપરાંત નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારની સરહદે આવેલા જિલ્લાઓમાંથી આવતી ટ્રેનો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરીને માનવ તસ્કરીની ડિજિટલ પદ્ધતિઓ શોધવા માટે સાયબર સેલ દ્વારા વેબ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં આવશે.
- **તાજેતરમાં DNTs ના આર્થિક સશકિતકરણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા 'DNTs ના આર્થિક સશકિતકરણ માટેની યોજના (SEED)' શરૂ કરવામાં આવી છે.**
  - → આ યોજના આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, નવી દિલ્હી ખાતે વિમુકત, વિચરતી અને અર્ધ વિચરતી સમુદાયો (DNTs) ના કલ્યાણ માટે શરૂ કરવામાં આવી છે. વર્ષ 2021-22 થી વર્ષ 2025-26 સુધીના 5 વર્ષના સમયગાળા માટે યોજનાનો કુલ ખર્ચ લગભગ 200 કરોડ છે. આ યોજના એક પોર્ટલ દ્વારા લાગુ કરવામાં આવશે, જે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વિકસાવવામાં આવી છે. આ પોર્ટલમાં બે મોડયુલ છેઃ પહેલું મોડયુલ અરજદારના પરિવાર, આવક, આધાર અને બેંકની વિગતો, વ્યવસાય, જાતિ પ્રમાણપત્ર વગેરેની નોંધણી માટે હશે.
  - → બીજા મોડયુલમાં આયોજન ઘટકોનો સમાવેશ થાય છે. DNTs સૌથી વધુ ઉપેક્ષિત, હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને આર્થિક અને સામાજિક રીતે વંચિત સમુદાયો. તેઓ પેઢીઓથી ગરીબીનું જીવન જીવી રહ્યા છે.
  - → ઐતિહાસિક રીતે તેઓને કયારેય કોઈ ખાનગી જમીન કે મકાન ધરાવવાનો અધિકાર નહોતો. આ આદિવાસીઓ રહેણાંક સ્થળો અને તેમની આજીવિકા માટે જંગલો અને ચરાણની જમીનનો ઉપયોગ કરતા હતા.
- **નીતિ આયોગ ફોનપે સાથે મળીને 'ફિનટેક ઓપન હેકાથોન' શરૂ કરશે.**
  - → આ હેકાથોન ભારતભરના ઈનોવેટર્સ, ડિજિટલ સર્જકો, ડેવલપર્સને વિચારવા અને કોડ કરવાની તક પૂરી પાડશે. આ હેકાથોનનો ઉદ્દેશ ફિનટેક ઈકોસિસ્ટમ માટે અગ્રણી ઉકેલો પ્રદાન કરવાનો છે.
- **એશિયાના સૌથી મોટા બાયો–સીએનજી પ્લાન્ટનું ઉદ્દ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 19 ફેબ્રુઆરી, 2022ના રોજ ઈન્દોરમાં કરવામાં આવ્યું.**
  - → નોંધનીય છે કે ઈન્દોર ભારતના સૌથી સ્વચ્છ શહેરોમાંનું એક માનવામાં આવે છે. બાયો–સીએનજી પ્લાન્ટના ઉદ્દ્ઘાટન સાથે તે સ્વચ્છતામાં વધુ એક ઉચ્ચ ધોરણ સ્થાપિત કરશે.
  - → બાયો–સીએનજી પ્લાન્ટ 100% ભીના કચરાથી ચલાવવામાં આવશે. દરરોજ 18,000 કિલો ગેસનું ઉત્પાદન થવાનો અંદાજ છે. ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજ મુજબ, આ બાયો–સીએનજી શહેરમાં દરરોજ લગભગ 400 બસો ચલાવવામાં મદદ કરશે.
  - → આ 'લાઈટહાઉસ પ્લાન્ટ' ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશન (IMC) અને ઈન્ડો એન્વાયરો ઈન્ટીગ્રેટેડ સોલ્યુશન્સ લિમિટેડ (IEISL) દ્વારા જાહેર–ખાનગી ભાગીદારી (PPP) મોડલ હેઠળ સ્થાપિત કરવામાં આવ્યો છે.
- **ભારત સરકારે 19 ફેબ્રુઆરી, 2020ને 'સોઈલ હેલ્થ કાર્ડ ડે' તરીકે મનાવવાનું નક્કી કર્યું છે.**
  - → સોઈલ હેલ્થ કાર્ડ યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 19 ફેબ્રુઆરી, 2015ના રોજ શરૂ કરી હતી.
- **18 ફેબ્રુઆરી, 2022ના રોજ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) એ "લાભાર્થી સાથે રૂબરૂ" પહેલ હેઠળ વર્ચ્યુઅલ મોડમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો.**
  - → આ પહેલ લાભાર્થીઓ સાથે સીધો સંપર્ક કરીને મિશન હેઠળના પ્રોજેકટ્સની પ્રગતિ પર નજર રાખવા માટે શરૂ કરવામાં આવી છે.
  - → આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 'લાભાર્થી સાથે રૂબરૂ' પહેલનું આયોજન કરવામાં આવ્યું છે. તે MoHUA દ્વારા સપ્ટેમ્બર 2021માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- **શિક્ષણ મંત્રાલયે 18 ફેબ્રુઆરી, 2022ના રોજ 'રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) યોજના' ને 2026 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી હતી.**
  - → રૂસા એક કેન્દ્ર પ્રાયોજિત યોજના છે. સમાનતા, ઉત્કૃષ્ટતા અને સુલભતાના ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ અને કોલેજોને ભંડોળ પૂરું પાડવા માટે તેની શરૂઆત કરવામાં આવી હતી.
  - → રૂસા એ ઉચ્ચ શિક્ષણ માટેના વિકાસની સર્વગ્રાહી યોજના છે. તેની શરૂઆત માનવ સંસાધન વિકાસ મંત્રાલયે 2013માં કરી હતી. આ એક કેન્દ્ર પ્રાયોજિત યોજના છે, જે દેશભરની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને વ્યૂહાત્મક ભંડોળ પૂરું પાડવાના હેતુથી શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ કેન્દ્રીય મંત્રાલય દ્વારા રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.
- **કેન્દ્રીય નાગરિક ઉડયન પ્રધાન જ્યોતિરાદિત્ય એમ સિંધિયાએ તાજેતરમાં જ દિલ્હી અને ખજુરાહો વચ્ચેની પ્રથમ સીધી ફલાઈટને લીલી ઝંડી આપી હતી.**
  - → આ ફલાઈટ શરૂ થવાની સાથે જ ઉડાન–RCS સ્કીમ હેઠળ કુલ 405 રૂટનું સંચાલન કરવામાં આવશે. RCS-ઉડાન 3.0 હેઠળ સ્પાઈસ જેટને દિલ્હી–ખજુરાહો–દિલ્હી રૂટથી નવાજવામાં આવી હતી.

❖ **માહિતી અને પ્રસારણ મંત્રાલયે ડેટા સુરક્ષા અંગે પોતાની નવી ગાઈડલાઈન્સમાં પોતાના અધિકારીઓ દ્વારા ગુપ્ત દસ્તાવેજો ઈન્ટરનેટ પર શેર કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.**

→ તેમણે એમ પણ કહ્યું છે કે તેઓ પોતાના સ્માર્ટફોન કે ઘડિયાળમાં એમેઝોનની ઈકો, ગૂગલ હોમ, એપલના હોમપોડ જેવી ડિજિટલ એસેસરીઝનો ઉપયોગ ન કરે અને સિરી અને એલેક્સા સહિતના ડિજિટલ આસિસ્ટન્ટને બંધ કરે. અધિકારીઓને ગુપ્ત મુદ્દાઓ પર ચર્ચા દરમિયાન મીટિંગ રૂમની બહાર તેમના સ્માર્ટ ફોન સબમિટ કરવા કહેવામાં આવ્યું છે.

→ મોટી સંખ્યામાં સરકારી અધિકારીઓ ગુપ્ત માહિતીના સંદેશાવ્યવહાર માટે ટેલિગ્રામ અને વોટ્સએપ જેવા ખાનગી મેસેજિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે તેવું જાણવા મળ્યા બાદ સરકારે નવી માર્ગદર્શિકા જાહેર કરી હતી.

❖ **આગામી ખરીફ સિઝન પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMFBY)ના અમલીકરણના સાતમા વર્ષમાં પ્રવેશી રહી છે, ત્યારે સરકારે 'મેરી પોલિસી મેરે હાથ' તરીકે ઓળખાતી નવી ડોરસ્ટેપ પાક વીમા વિતરણ નીતિની જાહેરાત કરી છે.**

→ 'મેરી પોલિસી મેરે હાથ' ડોર–સ્ટેપ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેથી તમામ ખેડૂતોને તેમના જમીનના રેકોર્ડ, નીતિ અને PMFBYના દાવાઓ અને ફરિયાદ નિવારણ પ્રક્રિયા વિશે સારી રીતે માહિતગાર કરી શકાય.

❖ **વર્ષ 2022-23ના કેન્દ્રીય બજેટમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિને લાગુ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.**

→ તેની મદદ માટે નેશનલ ડિજિટલ યુનિવર્સિટીની સ્થાપનાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો, જે શૈક્ષણિક સંસ્થાઓમાં સીટની અછતની સમસ્યાનો ઉકેલ લાવશે.

→ ડિજિટલ યુનિવર્સિટી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નું પાલન કરતાંની સાથે અનેક ભાષાઓમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણની એક્સેસ પ્રદાન કરશે.

→ ભારત સરકાર વૈશ્વિક કક્ષાનું ગુણવત્તાસભર શિક્ષણ આપવા અને અનેક ભારતીય ભાષાઓમાં ઓનલાઈન શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ યુનિવર્સિટી સ્થાપવાની યોજના બનાવી રહી છે.

→ સરકાર રોગચાળાને કારણે શાળાઓ બંધ થવાને કારણે થયેલા શિક્ષણને થયેલા નુકસાનને પહોંચી વળવા માટે પીએમ ઈ–વિદ્યા યોજના (PM e-Vidya) હેઠળ 'One Class One TV Channel' કાર્યક્રમનો પણ વિસ્તાર કરશે.

❖ **21 ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વિશાખાપટ્ટનમમાં ભારતીય નૌકાદળનું ફ્લીટ રિવ્યૂ કર્યું.**

→ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ વિશાખાપટ્ટનમમાં પૂર્વ નૌસેના કમાનની ત્રણ દિવસની યાત્રા પર છે. વિશાખાપટ્ટનમ બીજી વખત ફ્લીટ રિવ્યૂનું આયોજન કરી રહ્યું છે. 2006માં તત્કાલીન રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામના કાર્યકાળ દરમિયાન પ્રથમ ફ્લીટ રિવ્યૂ હાથ ધરવામાં આવી હતી. ફ્લીટ રિવ્યૂ ભારતીય નૌસેનાની તૈયારી, મજબૂત મનોબળ અને અનુશાસનની દેશને ખાતરી આપવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે. આ વર્ષે 12મી ફ્લીટ રિવ્યૂ જાહેર કરવામાં આવ્યું હતું. ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠ નિમિત્તે તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

→ ભારતના દરેક રાષ્ટ્રપતિ તેમના કાર્યકાળ દરમિયાન એક વખત ભારતીય નૌકાદળનું ફ્લીટ રિવ્યૂ કરે છે, કારણકે તેઓ ભારતીય સશસ્ત્ર દળોના સર્વોચ્ચ કમાન્ડર છે.

❖ **ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (Indian Council for Cultural Relations – ICCR) રાજદ્વારી સમુદાયમાં પરંપરાગત ભારતીય હસ્તકલાને લોકપ્રિય બનાવવાના હેતુથી દિલ્હીમાં એક ક્રાફ્ટ એક્ઝિબિશન ફેરનું આયોજન કરી રહી છે.**

→ આઝાદી કા અમૃત મહોત્સવ (AKAM) ની ઉજવણીના ભાગરૂપે આ હસ્તકલા મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો બીકાનેર હાઉસ ખાતે યોજાશે અને તેને 'Coalescence: Craft-Culture-community-Climate' નામ આપવામાં આવ્યું છે. આ મેળાનું ઉદ્ઘાટન 23 ફેબ્રુઆરીએ ICCRના પ્રમુખ વિનય સહસ્ત્રબુદ્ધેની ઉપસ્થિતિમાં સંસ્કૃતિ અને વિદેશ રાજ્યમંત્રી મીનાક્ષી લેખીના હસ્તે કરવામાં આવશે. આ ત્રણ દિવસનો મેળો ભારતનાં સાંસ્કૃતિક ઈતિહાસ અને ક્રાફ્ટ ટેકનિકનો અનુભવ પ્રદાન કરશે, જે પૃથ્વીના પર્યાવરણીય સંતુલનમાં પ્રદાન કરશે. દસ્તકરી હાટ કમિટીના જયા જેટલીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

❖ **22 ફેબ્રુઆરી, 2022 ના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વર્ચુઅલ મોડમાં 'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે સપ્તાહ' નું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ 'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે'એ શાળાના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાઓ અને વ્યાખ્યાનોનો એક અઠવાડિયા સુધી ચાલનારો રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ છે. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયે આ કાર્યક્રમના આયોજન માટે મધ્ય પ્રદેશની ત્રણ સંસ્થાઓની પસંદગી કરી છે. MP કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (MPCST) ભોપાલ, SGSITS કોલેજ ઈન્દોર અને રાણી દુર્ગાવતી યુનિવર્સિટી જબલપુર ખાતે આ કાર્યક્રમનું આયોજન થયું. આ કાર્યક્રમમાં સરકારી અને ખાનગી સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ સરકારી વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

→ રોજિંદા ઉપયોગની વસ્તુઓના વૈજ્ઞાનિક જ્ઞાન તરફ વિદ્યાર્થીઓને આકર્ષિત કરવાના હેતુથી 'વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ વૈજ્ઞાનિક સિદ્ધાંતોનો પ્રચાર કરવાનો પણ છે.

→ આ કાર્યક્રમની થીમ દરરોજ વિવિધ થીમ પર વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે, જે મુજબ 23 ફેબ્રુઆરીએ થીમ "હિસ્ટ્રી ઓફ ઈન્ડિયન સાયન્સ" હશે. 24 ફેબ્રુઆરી એ, "આધુનિક ભારતીય વિજ્ઞાન અને ટેકનોલોજીના સીમાચિન્હો". 25 ફેબ્રુઆરીએ "સ્વદેશી પરંપરાગત આવિષ્કાર અને નવીનતાઓ". 26 ફેબ્રુઆરીએ "સાયન્સ લિટરેચર ફેસ્ટિવલ". 27 ફેબ્રુઆરીએ "આગમી 25 વર્ષ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી" સમાપન સમારોહ 28 ફેબ્રુઆરીએ થશે.

❖ **ગ્રામીણ વિકાસ મંત્રાલયે શ્યામા પ્રસાદ મુખર્જી રુર્બન મિશનની છઠ્ઠી વર્ષગાંઠની ઉજવણી કરી હતી.**

→ શ્યામા પ્રસાદ મુખર્જી મિશનની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2016માં કરી હતી, જેનો ઉદ્દેશ આર્થિક, સામાજિક અને ભૌતિક માળખાગત સુવિધાઓની સંભવિતતા પ્રદાન કરીને સમગ્ર ભારતમાં 300 કલસ્ટર વિકસાવવાનો છે. આ મિશન અવકાશી આયોજન દ્વારા કલસ્ટર–આધારિત સંકલિત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

❖ **National Means-cum-Merit Scholarship (NMMS) સ્કીમ ચાલુ રાખવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે.**

→ વર્ષ 2025-26 સુધીમાં લાયકાતના માપદંડમાં ઓછામાં ઓછા ફેરફાર સાથે આવક મર્યાદા વર્તમાન 1.5 લાખ રૂપિયાથી વધારીને વાર્ષિક 3.5 લાખ રૂપિયા કરવાની સાથે આ યોજનાને મંજૂરી આપવામાં આવી છે.

→ આ યોજનાનો ઉદ્દેશ આર્થિક રીતે નબળા વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનો છે, જેથી તેઓ ધોરણ 8ના મધ્યમ વર્ગમાં ચૂકી ન જાય અને તેમનું શિક્ષણ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત થાય. આ યોજના હેઠળ ધોરણ 9 ના પસંદ કરાયેલા તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. 12000 ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. સરકારી અનુદાનિત, રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓની શાળાઓમાં વિદ્યાર્થીઓ પોતાનું શિક્ષણ મેળવી શકે તે માટે ધોરણ 10 થી 12 માં નાણાકીય શિષ્યવૃત્તિઓ પણ નવીકરણ અને ચાલુ રાખવામાં આવે છે. આ યોજના સરકારે વર્ષ 2008-09માં શરૂ કરી હતી.

❖ **22 ફેબ્રુઆરી, 2022ના રોજ કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી શ્રી ગિરિરાજ સિંહે 'પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ ડેશબોર્ડ'નો પ્રારંભ કરાવ્યો હતો.**

→ આ ડેશબોર્ડની યોજનાની કડક દેખરેખ રાખવામાં મદદ કરશે. તેનો ઉપયોગ PMAYG ના હોદ્દેદારો દ્વારા યોજનાનું નિરીક્ષણ અને સંચાલન કરવા માટે કરવામાં આવશે. આ ડેશબોર્ડ યોજનાના અમલીકરણમાં સંપૂર્ણ પારદર્શિતા પ્રદાન કરશે. યોજનાની દેખરેખ માટે ડેશબોર્ડની લિંક ગામોના સરપંચોથી લઈને મત વિસ્તારના સાંસદો સુધી પહોંચાડવામાં આવશે.

→ પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ (PMAY-G) ની શરૂઆત એપ્રિલ, 2016માં થઈ હતી, જેનો ઉદ્દેશ વર્ષ 2024 સુધીમાં "તમામને મકાન" પ્રદાન કરવાનો છે.

❖ **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી મદ્રાસ રિસર્ચ પાર્કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજી (NIOT)ના સહયોગથી "ઓશન્સ 2022 કોન્ફરન્સ"નું આયોજન કર્યું હતું.**

→ OCEANS કોન્ફરન્સ વૈશ્વિક દરિયાઈ સંશોધકોની દ્વિ–વાર્ષિક ઈવેન્ટ છે. તે પ્રથમ વખત ભારતમાં યોજાઈ હતી. મરીન ટેકનોલોજી સોસાયટી અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રિક એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ (IEEE) ઓશન એન્જિનિયરિંગ સોસાયટી વતી ઓશન એન્જિનિયરિંગ વિભાગ OCEANS 2022 કોન્ફરન્સનું સંકલન કરી રહ્યું છે.

→ "OCEANS 2022" સંમેલનની થીમ "પ્રેરણા–નવીનતા–ટકાઉ". OCEANS 2022 કોન્ફરન્સમાં એ વાત પ્રકાશિત કરવામાં આવી હતી કે કેવી રીતે "યુનાઈટેડ નેશનસ ડિકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ" નવીનીકરણીય ઊર્જા દ્વારા આબોહવા પરિવર્તનની અસરને ઘટાડવાના પ્રયત્નો કરી રહ્યું છે.

❖ **24 ફેબ્રુઆરી, 2022ના રોજ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ (NIUA) એ 'સસ્ટેનેબલ સિટીઝ ઈન્ડિયા' પ્રોગ્રામની ડિઝાઈન માટે MoU પર હસ્તાક્ષર કર્યા હતા.**

→ WEF અને NIUA વચ્ચેની આ ભાગીદારી ગ્લાસગોમાં આયોજિત COP26 શિખર સંમેલનમાં વર્ષ 2070 સુધીમાં સ્વચ્છ શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાની ભારતની કટિબદ્ધતાને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ છે. WEF અને NIUAએ બે વર્ષમાં WEFની 'સિટી સ્પ્રિન્ટ' પ્રક્રિયા તેમજ ભારતના પાંચથી સાત શહેરોના ડીકાર્બનાઈઝેશન માટે 'ટૂલબોક્સ ઓફ સોલ્યુશન્સ'ને અપનાવશે.

→ સિટી સ્પ્રિન્ટ પ્રક્રિયા એ બહુ–ક્ષેત્રીય, બહુ–હિતધારક વર્કશોપની એક શ્રેણી છે, જેમાં સરકાર, વેપાર અને નાગરિક સમાજના નેતાઓનો સમાવેશ થાય છે, જે ખાસ કરીને સ્વચ્છ વિદ્યુતીકરણ અને પરિપત્ર દ્વારા ડિકાર્બનાઈઝેશનને સક્ષમ બનાવે છે. આ નેટ ઝીરો ક્રિયા અને આયોજનને જમ્પસ્ટાર્ટ કરવામાં અને વેગ આપવા માટે મદદ કરશે. આ વર્કશોપ શ્રેણી પ્રસ્તુત નીતિઓ અને વ્યવસાયિક મોડેલોને શોર્ટલિસ્ટ કરશે, જે ઉત્સર્જન ઘટાડવામાં અને હવાની ગુણવત્તા સુધારવામાં મદદ કરશે.

→ સસ્ટેનેબલ સિટીઝ ઈન્ડિયા કાર્યક્રમનો ઉદ્દેશ શહેરોને ઊર્જા અને પરિવહન સહિત વિવિધ ક્ષેત્રોમાં ડિકાર્બનાઈઝેશન સોલ્યુશન્સ પેદા કરવા સક્ષમ બનાવવાનો છે.

❖ **કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી ગિરિરાજ સિંહે મનરેગા માટે લોકપાલ એપ લોન્ચ કરી હતી.**

→ આ એપ ઈ–ગવર્નન્સની દિશામાં એક પગલું છે અને તેનાથી જવાદબારી અને પારદર્શિતામાં મદદ મળશે. આ એપ્લિકેશન લોકપાલને પારદર્શક અને જવાબદાર રીતે તેની ફરજો નિભાવવામાં મદદ કરશે. મંત્રીએ લોકપાલની નિયુક્તિ પર ચિંતા વ્યકત કરતા કહ્યું કે, ઘણા જિલ્લાઓમાં લોકપાલની નિમણૂંક હજુ સુધી થઈ નથી. આથી તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લોકપાલ એપનો ઉપયોગ કરીને મનરેગાને વધુ પારદર્શી બનાવવા માટે કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરવાનું કહેવામાં આવ્યું છે.

❖ **શિક્ષણ મંત્રાલયે એક ભારત શ્રેષ્ઠ ભારત (EBSB) હેઠળ 'ભાષા પ્રમાણપત્ર સેલ્ફી' અભિયાન શરૂ કર્યું છે.**

→ વર્ષ 2021માં શિક્ષણ મંત્રાલયે EBSB હેઠળ ભાષા સંગમ પહેલ શરૂ કરી. સાંસ્કૃતિક વિવિધતાને પ્રોત્સાહિત કરવા, બહુભાષીયતાને પ્રોત્સાહન આપવા અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ફેલાવવા માટે 'ભાષા પ્રમાણપત્ર સેલ્ફી' શરૂ કરવામાં આવી છે. તેનો હેતુ શિક્ષણ મંત્રાલય અને MyGov India દ્વારા વિકસિત ભાષા સંગમ મોબાઈલ એપને પ્રોત્સાહન આપવાનો છે.

## આંતરરાજ્ય

❖ **મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ હાલમાં જ શિલોંગમાં 'શિલાંગ ટેકનોલોજી પાર્ક'નું ઉદ્ઘાટન કર્યું છે.**

→ આ ટેકનોલોજી પાર્ક મેઘાલયના આઈટી પ્રોફેશનલ્સને તેમના ગૃહ રાજ્યમાં કામ કરવાની સુવર્ણ તક પૂરી પાડશે. તેમજ તેનો હેતુ સમગ્ર વિશ્વમાંથી કામ કરતા મેઘાલયના યુવાનોને તેમના ગૃહ રાજ્ય તરફ આકર્ષવાનો છે.

→ 'શિલોંગ ટેકનોલોજી પાર્ક' ટેકનોલોજીના વિવિધ પાસાઓને એક પ્લેટફોર્મ પર એકીકૃત કરશે. આ ટેક પાર્ક ઉદ્યોગ, શૈક્ષણિક અને સરકારી હિતધારકોના સહયોગથી 'ઈન્ક્યુબેશન સેન્ટસ'ને પણ સમર્થન આપશે. ટેક પાર્કને પ્લગ–એન્ડ–પ્લે મોડલના આધારે ડિઝાઈન કરવામાં આવ્યું છે.



Banking Academy

❖ **તાજેતરમાં પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા ધોરણ 1 થી 7 ના વિદ્યાર્થીઓ માટે એક ઓપન–એર કલાસરૂમ પ્રોગ્રામ પડોશી શાળા અથવા 'પરય શિક્ષાલય' શરૂ કરવામાં આવી છે.**

→ આ પહેલનો ઉદ્દેશ્ય એવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો છે, જેમણે કોવિડ–19 રોગચાળા દરમિયાન શાળા છોડી દીધી હતી. શરૂઆતમાં પહેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ (1 થી 5) માટે હતી. જો કે, તેમાં ધોરણ 6 અને 7 ના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે કારણ કે શાળાઓમાં હજુ પણ તેમના માટે વર્ગો ખુલ્લા છે. જે શાળાઓ ખુલ્લી નથી – એર સ્પેસ નજીકના ઉદ્યાનો અને મેદાનોમાં વર્ગો ચલાવે છે.

❖ **ભારતનો પ્રથમ ભૂસ્તરશાસ્ત્રીય ઉદ્યાન (Geological Park) મધ્યપ્રદેશના જબલપુરમા લમહેટા ખાતે બનાવવામાં આવશે.**

→ આ પાર્ક માટે મંજૂરી ખાણ મંત્રાલય હેઠળના જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવી હતી.

❖ **ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL) એ મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે કુદરતી ગેસ પ્રણાલીમાં હાઈડ્રોજન સંમિશ્રણ માટે ભારતનો પ્રથમ પ્રકારનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે.**

→ HPCL સાથે GAILની સંયુક્ત સાહસ કંપની અવંતિકા ગેસ લિમિટેડને હાઈડ્રોજન બ્લેન્ડેડ નેચરલ ગેસ સપ્લાય કરવામાં આવશે. GAIL એ નેશનલ હાઈડ્રોજન મિશનને અનુરૂપ 'હાઈડ્રોજન બ્લેન્ડિંગ પ્રોગ્રામ' શરૂ કર્યો છે. હાઈડ્રોજન આધારિત અને કાર્બન તટસ્થ ભાવિ તરફ ભારતની યાત્રામાં આ પ્રોજેક્ટ એક મહત્વપૂર્ણ પગલું છે.

❖ **તાજેતરમાં જમ્મુ કાશ્મીરમાં એક ઈગ્લૂ કેફે ખોલવામાં આવ્યું છે.**

→ આ વિશ્વનું સૌથી મોટું ઈગ્લૂ કેફે છે. આ કેફેનું નામ સ્નોગલુ છે. આ કેફે કાશ્મીરના ગુલમર્ગમાં બનાવવામાં આવ્યું છે. તેનો વ્યાસ 44.5 ફૂટ અને ઊંચાઈ 37.5 ફૂટ છે.

❖ **તાજેતરમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જાહેરાત કરી હતી કે, હવે 15 ફેબ્રુઆરીને "શહીદ દિવસ" તરીકે ઉજવવામાં આવશે.**

→ બિહારના મુંગેર જિલ્લાના તારાપુર શહેરમાં 90 વર્ષ પહેલા પોલીસ દ્વારા માર્યા ગયેલા 34 સ્વાતંત્ર્ય સેનાનીઓના સન્માનમાં 15 ફેબ્રુઆરીએ શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવશે.

→ તારાપુર હત્યાકાંડ ઘટના 15 ફેબ્રુઆરી, 1932ના રોજ બની હતી, જ્યારે યુવા સ્વાતંત્ર્ય સેનાનીઓના એક જૂથે તારાપુરના થાના ભવનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની યોજના બનાવી હતી. પોલીસને તેમની યોજનાની જાણ ન હતી પરંતુ કેટલાક અધિકારીઓ સ્થળ પર હાજર હતા. આ દરમિયાન પોલીસે તેમના પર નિર્દયતાથી લાઠીચાર્જ કર્યો હતો. લાઠીચાર્જ છતાં, એક સ્વાતંત્ર્ય સેનાની (ગોપાલ સિંહ) થાણા ભવન પર ધ્વજ ફરકાવવામાં સફળ રહ્યો. 4,000 લોકોના વિશાળ ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો, જેમાં નાગરિક વહીવટી અધિકારી ઘાયલ થયા. જવાબમાં પોલીસે ભીડ પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. લગભગ 75 રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું, જે બાદ 34 મૃતદેહો સ્થળ પરથી મળી આવ્યા હતા.

❖ **તાજેતરમાં વડાપ્રધાને અરુણાચલ પ્રદેશના લોકોને તેના 36માં સ્થાપના દિવસ પર શુભેચ્છા પાઠવી હતી.**

→ 20 ફેબ્રુઆરી, 1987ના રોજ ભારતીય બંધારણના 55મા સુધારા (વર્ષ 1986) દ્વારા અરુણાચલ પ્રદેશ ભારતીય સંઘનું 24મું રાજ્ય બન્યું. બ્રિટિશ સંસ્થાનવાદી શાસન દરમિયાન વર્ષ 1972 સુધી રાજ્ય નોર્થ–ઈસ્ટ ફ્રન્ટિયર એજન્સી (NEFA) તરીકે જાણીતું હતું. તે 20 જાન્યુઆરી 1972ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો અને તેનું નામ અરુણાચલ પ્રદેશ રાખવામાં આવ્યું.

❖ **તાજેતરમાં કર્ણાટકના મુખ્ય પ્રધાન બસવરાજ બોમાઈએ જાહેરાત કરી છે કે કેન્દ્ર સરકારની ઉચ્ચ સત્તાવાળી સમિતિ દ્વારા 'અપર ભદ્રા પ્રોજેક્ટ'ને રાષ્ટ્રીય પ્રોજેક્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે.**

→ કર્ણાટકમાં રાષ્ટ્રીય દરજ્જો મેળવનાર આ પ્રથમ પ્રોજેક્ટ છે. રાષ્ટ્રીય પરિયોજનાનો દરજ્જો મળવાથી, તે મધ્ય કર્ણાટકના સિંચાઈના માહોલને બદલવામાં મદદરૂપ સાબિત થશે, જેના માટે રાજ્યને કેન્દ્ર તરફથી રૂ. 12,500 કરોડની રકમ મળશે.

→ આ પ્રોજેક્ટ ચિત્રદુર્ગા, ચિક્કમગલુરુ, દાવંગેરે અને તુમાકુરુના દુષ્કાળગ્રસ્ત જિલ્લાઓમાં સૂક્ષ્મ સિંચાઈ દ્વારા 2,25,515 હેકટર વિસ્તારને સિંચાઈ કરવાના ઉદ્દેશ્ય સાથે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ વિશ્વેશ્વરાય જલ નિગમ લિમિટેડ દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે જે એક મુખ્ય લિફ્ટ સિંચાઈ યોજના છે.

❖ **તાજ મહોત્સવ 2022 નું આયોજન 20 માર્ચથી 29 માર્ચ 2022 સુધી યોજાશે.**

→ દર વર્ષે આગ્રામાં 10 દિવસનો સાંસ્કૃતિક ઉત્સવ યોજાય છે. તે સૌથી પ્રખ્યાત આર્ટ, ક્રાફ્ટ, ફૂડ એન્ડ કલ્ચર ફેસ્ટિવલ છે, જે શિયાળા અને વસંત ઋતુની વચ્ચે યોજાય છે. અગાઉ તે 18 ફેબ્રુઆરી, 27 ફેબ્રુઆરી સુધી યોજાવાની હતી.

→ તાજ મહોત્સવ 2022ની થીમ 'આઝાદી કે અમૃત મહોત્સવ કે સાથ કે સાથ, તાજ કે રંગ' છે. તાજ ફેસ્ટિવલની શરૂઆત 1992માં થઈ હતી.

❖ **સરકારના ડિજિટલ મિશનને અનુરૂપ સરકારે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીરમાં 'જનભાગીદારી સશક્તિકરણ' પોર્ટલનું આયોજન કર્યું હતું.**

→ જનભાગીદારી સશક્તિકરણ પોર્ટલને સામાન્ય લોકોને સરળતાથી એકસેસ પ્રદાન કરવા માટે ઉચ્ચ બેન્ડવિડ્થવાળા એક અલગ સર્વર પર હોસ્ટ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલથી સંબંધિત ધીમી ગતિ અથવા બેન્ડવિડ્થના મુદ્દાઓથી સંબંધિત ચિંતાઓ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. આ પોર્ટલ એક અલગ સર્વર પર ચાલ્યા પછી, તે એકદમ ઝડપથી ખુલવાનું શરૂ થયું છે, અને તેથી પોર્ટલનો ઉપયોગ કરવાનો અનુભવ સુધર્યો છે. અત્યાર સુધીમાં લગભગ 70,000 લોકો આ પોર્ટલને એકસેસ કરી ચૂકયા છે.

❖ **વિશ્વ બેંક, ભારત સરકાર, કર્ણાટક અને ઓડિશાની રાજ્ય સરકારોએ ખેડૂતોને મદદ કરવા માટે રાષ્ટ્રીય અને રાજ્ય સરકારોને વધુ સારી જળવિભાજક વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવવામાં મદદ કરવા માટે Rejuvenating Watersheds for Agricultural Resilience through Innovative Development Programme (REWARD) માટે $115 મિલિયનના સોદા પર હસ્તાક્ષર કર્યા.**

→ REWARD એ એક એવો પ્રોજેકટ છે જેનો ભારતના ત્રણ–ચાર રાજ્યોમા અમલ થઈ રહ્યો છે. તે છ વર્ષના પ્રોજેકટના રૂપમાં બનાવવામાં આવ્યો છે અને તે વિશ્વભરમાં સૌથી મોટા જળ વ્યવસ્થાપન કાર્યક્રમોમાંનો એક છે. આ પ્રોજેકટ વિશ્વ બેંકના સહયોગથી ગ્રામીણ વિકાસ મંત્રાલયના જમીન સંસાધન વિભાગની સંયુકત પહેલ છે.

→ આ પ્રોજેકટનો હેતુ પાણી અને જમીનની જાળવણીમાં સુધારો કરવા તેમજ જમીનના પ્રવાહને રોકવા, વરસાદી પાણીનો સંગ્રહ કરવો, કુદરતી વનસ્પતિને પુનર્જીવિત કરવી અને ભૂગર્ભજળના કોષ્ટકને ફરીથી ભરવું.

❖ **આસામ સરકાર Project Arohan નામનો ચાર વર્ષનો પરામર્શ કાર્યક્રમ શરૂ કરવા જઈ રહી છે.**

→ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા અને તેમની કુશળતાને વેગ આપવા માટે આ પ્રોજેકટ હાથ ધરવામાં આવશે. આ પ્રોજેકટ માટે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ ટાટા સ્ટ્રાઈવના CEO અનિતા રાજન સાથે મુલાકાત કરી હતી અને આ પ્રોજેકટ પર તેમનો સહયોગ માંગ્યો હતો. ટાટા સ્ટ્રાઈવ એ ટાટા ટ્રસ્ટ્સનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમ છે.

→ ટાટા સ્ટ્રાઈવ એ TCIT ની પહેલ છે. તેણે નાણાકીય વર્ષ 2017-18માં ટાટા ટ્રસ્ટ્સના મૂળ વડા હેઠળ કામ કરવાનું શરૂ કર્યું હતું. ટાટા જૂથની 'સરળીકરણ, સમન્વય અને સ્કેલ'ની વ્યૂહરચનાના પરિણામે તે કામ કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આ પહેલ ટેકનોલોજી, પદ્ધતિ અને શિક્ષણશાસ્ત્રમાં નવીનતાઓ મારફતે વંચિત પૃષ્ઠભૂમિના યુવાનોને કૌશલ્ય પ્રદાન કરી રહી છે. વર્ષ 2014થી અત્યાર સુધીમાં 6.5 લાખ લોકોએ ટાટા સ્ટ્રાઈવના ફાયદાનો અનુભવ કર્યો છે.

→ ટાટા સ્ટ્રાઈવ પહેલ એ ટાટા કમ્યુનિટી ઈનિશિયેટિવ ટ્રસ્ટ દ્વારા કૌશલ્ય વિકાસની પહેલ છે. તે ઉદ્યોગસાહસિકતા, રોજગાર અને સામુદાયિક ઉદ્યોગસાહસિકતા માટે ભારતમાં યુવાનોને કૌશલ્ય પ્રદાન કરવાની અતિ જરૂરિયાતને સંબોધિત કરે છે.

❖ **વેદાંતા લિમિટેડ કેઈર્ન ઓઈલ એન્ડ ગેસે રાજસ્થાનના બારમેર જિલ્લામાં તેલની શોધ કરી છે.**

→ કંપનીએ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય અને ડિરેકટોરેટ જનરલ ઓફ હાઈડ્રોકાર્બનને આ શોધ વિશે માહિતી આપી છે. આ તેલની શોધ કેઈર્ન ઓઈલ એન્ડ ગેસ દ્વારા એક બ્લોકમાં કરવામાં આવી હતી, જે તેમને ઓપન એકરેજ લાઈસન્સિંગ પોલિસી (ઓએએલપી) હેઠળ આપવામાં આવી હતી.

❖ **જમ્મુ–કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ જમ્મુ–કાશ્મીર માટે ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) નીતિને મંજૂરી આપી દીધી છે, જેમાં ઓછામાં ઓછા 51 ટકા વિદેશી હિસ્સાનો સમાવેશ થાય છે.**

→ મનોજ સિંહાએ જમ્મુમાં એડમિનિસ્ટ્રેટિવ કાઉન્સિલની બેઠક દરમિયાન જમ્મુ–કાશ્મીરમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવાની નીતિને મંજૂરી આપી હતી. નવી નીતિ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના FDI પર માર્ગદર્શન માળખા પર આધારિત છે. જમ્મુ–કાશ્મીરમાં FDI નીતિનો ઉદ્દેશ 100 કરોડ રૂપિયાથી વધુના વિદેશી રોકાણ સાથે ઓછામાં ઓછો 51 ટકા વિદેશી હિસ્સો રાખવાનો છે.

❖ **જમ્મુ–કાશ્મીર પોલીસે તાજેતરમાં જ શ્રીનગર શહેરમાં બે મહિલા સુરક્ષા ટુકડીઓ (Women Safety Squad) શરૂ કરી છે.**

→ દરેક સ્કવોડમાં 5 મહિલા પોલીસ અધિકારીઓ અથવા કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવશે. બંને ટુકડીઓનું નેતૃત્વ ઈન્સ્પેકટર ખાલિદા પરવીન (Khalida Parveen) કરશે.

→ મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને મદદ કરવા માટે Women Safety Squad શરૂ કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ ખાસ કરીને શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ, કોચિંગ સેન્ટરો અને આવા અન્ય સ્થળોએ છોકરીઓની સલામતી સુનિશ્ચિત કરવાનો છે. તેઓ દિવસ દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓ સહિત સમગ્ર શહેરમાં પેટ્રોલિંગ કરશે. સંસ્થાઓના વડાઓને પણ તેમના કેન્દ્રોની બહાર કોઈ ઘટના બને તો મહિલા ટુકડીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

❖ **ભારત હેવી ઈલેકિટ્રકલ્સ લિમિટેડ (BHEL) દ્વારા મધ્યપ્રદેશના બીના ખાતે 1.7 મેગાવોટનો સોલર ફોટોવોલ્ટેઈક પ્લાન્ટ ભારતીય રેલવે માટે શરૂ કરવામાં આવ્યો છે.**

→ આ પ્લાન્ટના માધ્યમથી ભારતીય રેલવેની ટ્રેકશન સિસ્ટમને સીધી જ વીજળી પહોંચાડવામાં આવશે.

## ગુજરાત

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મોતિયા–અંધત્વમુકત ગુજરાત ઝુંબેશનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો છે.**

→ આ સાથે તેમણે આગામી વર્ષ 2025 સુધીમાં રાજ્યમાં અંધત્વનો દર ઘટાડીને 0.25 ટકા સુધી લઈ જવાનો ધ્યેય દર્શાવ્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે રાષ્ટ્રીય અંધત્વ અને દ્દષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ રાજ્યમાં અમલી છે. ગુજરાતમાં 2014માં થયેલા સર્વે મુજબ અંધત્વનો જે દર 0.7 ટકા હતો તે ઘટીને 2018-19માં 0.36 ટકા થયો છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો હિતકારી નિર્ણય કર્યો છે.**

→ મુખ્યમંત્રીશ્રીએ કરેલા આ નિર્ણય અનુસાર હવે ધોરણ–10 પાસ કર્યા પછી ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળશે. આ યોજનાનો લાભ લેવા માટે પાત્રતા નિર્ધારિત કરવામાં આવી છે. તે મુજબ ધોરણ–10 પછી ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટયૂશન ફી ની 50 ટકા રકમ અથવા રૂ. 50 હજાર પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે. તથા ડિપ્લોમાંથી ડિગ્રીમાં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઈજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટયૂશન ફીના 50 ટકા રકમ અથવા રૂ. 1 લાખ પૈકીની જે રકમ ઓછી હશે તે મળવાપાત્ર થશે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં IT સેકટરમાં ઝડપી સર્વસમાવેશક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા સાથે નવી ગુજરાત IT અને ITeS પોલિસીની જાહેરાત કરી છે.**

→ આ નવી પોલિસી પાંચ વર્ષ એટલે કે 2022 થી 2027 સુધી અમલમાં રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષણ તથા સાયન્સ ટેકનોલોજી મંત્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં આ નવી પોલિસી ગાંધીનગરમાં જાહેર કરી હતી. 'ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા ગુજરાત સરકારે આ નવી IT અને ITeS પોલિસી 2022-27 લોન્ચ કરી છે.

→ આ નીતિ CAPEX-OPEX મોડલનો એક યુનિક કોન્સેપ્ટ રજૂ કરી છે જે સમગ્ર દેશમાં પ્રથમ છે :

(a) સામાન્ય પ્રોજેકટ માટે વધુમાં વધુ રૂ. 50 કરોડની મર્યાદામાં 25% નો CAPEX સપોર્ટ અપાશે. તથા મેગા પ્રોજેકટ માટે આ મર્યાદા રૂ. 200 કરોડ સુધીની રહેશે.

(b) દર વર્ષે રૂ. 20 કરોડ સુધીના સામાન્ય પ્રોજેકટ માટે અને દર વર્ષે રૂ. 40 કરોડના મેગા પ્રોજેકટ્સ માટે 15% નો OPEX સપોર્ટ.

→ રાજ્યમાં IT રોજગારને વેગ આપવાના પ્રયાસરૂપે ગુજરાત સરકારે પોલિસીમાં બે વિશેષ પ્રોત્સાહનો સમાવિષ્ટ કર્યા છે :

(a) એમ્પ્લોયમેન્ટ જનરેશન ઈન્સેન્ટિવ (EGI), પ્રતિ કર્મચારી 60,000 રૂપિયા સુધી.

(b) આત્મનિર્ભર ગુજરાત રોજગાર સહાય દ્વારા એમ્પ્લોયરના EPF યોગદાનનું 100% સુધીનું વળતર.

→ રૂ. 5 કરોડ સુધીની ટર્મ લોન પર 7% લેખે વ્યાજની ચૂકવણી માટે સહાય.

→ તમામ પાત્ર IT-ITEs એકમોને 100% ઈલેકિટ્રસિટી ડયૂટીનું વળતર.

→ IT ઉદ્યોગ માટે તૈયાર કુશળ પ્રતિભાનો અગ્રણી સ્ત્રોત બનાવવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત AI સ્કૂલ / AI સેન્ટર ઓફ એકસેલેન્સની સ્થાપના.

→ કૌશલ્ય વિકાસ માટે સ્નાતક વિદ્યાર્થીઓ અને કાર્યકારી વ્યવસાયિકોને અભ્યાસક્રમની ફી પેટે DBT દ્વારા વ્યકિત દીઠ મહત્તમ રૂ. 50,000 સુધીની નાણાકીય સહાય.

→ ડિજિટલ સાક્ષરતામાં સુધારો કરવા અને માહિતી ટેકનોલોજીની જાગૃતિ વધારવા માટે શાળાના બાળકો અને સામાન્ય જનતાને લક્ષ્ય બનાવી મોટા પાયે માહિતી, શિક્ષણ અને સંચાર (IEC) કાર્યક્રમો કરવામાં આવશે.

→ રૂ. 100 કરોડ સુધીના CAPEX સપોર્ટ સાથે IT શહેરો / ટાઉનશિપ્સના વિકાસને પ્રોત્સાહન અને નિયમનકારી અને FCI ધોરણોમાં છૂટછાટ આપવી.

→ કોઈપણ આઈટી કંપની રાજ્યમાં તેમની આઈટી કામગીરીને ઝડપી રીતે કરી શકે તે માટે વિશ્વ કક્ષાની સહકાર્યકારી જગ્યાઓના નિર્માણની સુવિધા આપવી.

→ સરકારની સુવિધાયુકત ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના હેઠળ સ્થપાયેલી IT કંપનીઓને દર મહિને રૂ. 10,000 પ્રતિ સીટ સુધી 50% લેખે ભાડા સબસિડી.

→ કલાઉડ ટેકનોલોજીના મહત્વને ઓળખીને, સરકારે કલાઉડ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો કરવા માટે નોંધપાત્ર પગલાં લીધા છે. જેમાં ડેટા સેન્ટર માટે રૂ. 150 કરોડ સુધી 25% નો CAPEX સપોર્ટ અને 5 વર્ષના સમયગાળા માટે રૂ. 1 / યુનિટની પાવર ટેરિફ સહાય મળશે. કેબલ લેન્ડિંગ સ્ટેશન (CLS) માટે રૂ. 20 કરોડ સુધી 25% CAPEX સપોર્ટ અને 5 વર્ષના સમયગાળા માટે રૂ. 1 / યુનિટની પાવર ટેરિફ સબસિડી મળશે.

❖ **'ઈન્ટર ઓપરેબલ ક્રિમીનલ જસ્ટિસ સિસ્ટમ' (ICJS)ના અમલ અને રેન્કિંગમાં ગુજરાતના જેલ વિભાગે દ્વિતિય ક્રમનો એવોર્ડ મેળવ્યો.**

→ ગુજરાતના જેલ વિભાગને 'ગુડ પ્રેકિટસીસ ઓન ક્રાઈમ ક્રિમીનલ ટ્રકિંગ એન્ડ નેટવર્ક સિસ્ટમ ICJS ની વાર્ષિક મિટીંગમાં આ સિસ્ટમના અમલીકરણ માટેનો દ્વિતીય પુરસ્કાર–એવોર્ડ તાજેતરમાં પ્રાપ્ત થયો છે. ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઉપક્રમે NIC દ્વારા આ CCTNS પ્રોજેકટ વિકસાવવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત ICJS પોર્ટલની શરૂઆત કરવામાં આવી હતી. આ પોર્ટલ પર રાષ્ટ્રીય કક્ષાએ પોલીસ, કોર્ટ, પ્રિઝન્સ, ગુનામાં સંડોવાયેલ વાહનો, ગુમ/બિનવારસી વ્યકિતઓની માહિતી, કેન્દ્રીય એજન્સીઓ વગેરે વિભાગોના ડેટાનો વિનિમય કરીને તપાસ એજન્સીને એક જ ડિજિટલ સિકયોર પ્લેટફોર્મ ઉપર ડેટા જોઈ શકે તેવી વ્યવસ્થા કાર્યાન્વિત કરેલી છે. આ પ્રોજેકટ હેઠળ વિવિધ સ્તંભો પોલીસ, પ્રિઝન, એફ.એસ.એલ, પ્રોસિકયુશનમાં કરેલી કાર્યવાહી અંગેના એવોર્ડ અન્વયે 37 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશમાં શ્રેષ્ઠ અમલીકરણ બદલ પ્રિઝન સ્તંભમાં ગુજરાતને દ્વિતીય ક્રમનો એવોર્ડ મળ્યો છે.

❖ **ગાંધીનગરમાં 10 થી 13 માર્ચ દરમિયાન એશિયાનું સૌથી મોટું 12મું સંરક્ષણ પ્રદર્શન–'Defence Expo-2022'નું આયોજન કરવામાં આવશે.**

→ આ પ્રદર્શનની થીમ Celebrating 75 years of Indias Independence છે જ્યારે આ પ્રદર્શનનો ઉદ્દેશ Path to Pride.

→ અત્યાર સુધીમાં, 900 થી વધુ સંરક્ષણ કંપનીઓ અને 55 દેશોએ આ ઈવેન્ટમાં તેમની ભાગીદારી પુષ્ટિ કરી છે. ભારતના મુખ્ય સંરક્ષણ પ્રદર્શનનું ધ્યાન દેશને ઉભરતા સંરક્ષણ ઉત્પાદન હબ તરીકે રજૂ કરવાનો છે. આ દ્વિવાર્ષિક કાર્યક્રમમાં ભાગ લેનાર 900 પ્રતિભાગીઓમાંથી 100 થી વધુ વિદેશી છે. 1000 ડ્રોન ડિસ્પ્લે પ્રદર્શનની વિશેષતા હશે. આ બીજી વખત છે કે દેશમાં ડ્રોન પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે, આ પહેલાં 29 જાન્યુઆરીએ દિલ્હીમાં બીટિંગ રિટ્રીટ દરમિયાન પણ આ પ્રકારનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

→ ઉલ્લેખનીય છે કે 'DefExpo' તરીકેની આ દ્વિવાર્ષિક ઈવેન્ટ પરંપરાગત રીતે વર્ષ 2014માં દિલ્હીમાં શરૂ કરવામાં આવી હતી, ત્યારબાદ તેનું આયોજન અનેક નવા સ્થળોએ કરવામાં આવ્યું. વર્ષ 2020માં આ DefExpoનું આયોજન લખનઉ ખાતે થયું હતું.

❖ **17 ફેબ્રુઆરી, 2022ના રોજ ગુજરાત સરકારે નવી બાયોટેકનોલોજી નીતિનું અનાવરણ કર્યું, જે બાયોટેકનોલોજી ક્ષેત્રમાં મૂડી રોકાણ પર 25% સુધીની નાણાકીય સહાય પૂરી પાડે છે.**

→ નવી બાયોટેકનોલોજી પોલિસીનો સમયગાળો 2022 થી 2027 સુધી પાંચ વર્ષનો રહેશે. આ નીતિ લગભગ 1.2 લાખ નવી રોજગારીની તકો ઊભી કરશે. જે આ ક્ષેત્રમાં અંદાજિત રૂ. 20,000 કરોડનું રોકાણ આકર્ષશે. તે NGO, વૈજ્ઞાનિક સંસ્થાઓ અને ઉદ્યોગો સહિત હિતધારકો વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહન આપશે. આવા પ્રોજેકટ્સ માટે ટર્મ લોન પર વ્યાજ સબસિડી આપવા ઉપરાંત, પોલિસી પાંચ વર્ષ માટે વીજળીના ચાર્જ પર 100 ટકા વળતરની પણ જોગવાઈ કરે છે.

→ આ નવી નીતિનો ઉદ્દેશ્ય ગુજરાતને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત બાયોટેકનોલોજી હબ બનાવવાનો છે. આ નવી નીતિ ગુજરાતના બાયોટેકનોલોજી ઉદ્યોગને વિશ્વસ્તરીય બનાવવા માટે ટેકનોલોજી સંપાદન, વૈકલ્પિક ઊર્જા ઉત્પાદન, કૌશલ્ય વિકાસ, ગુણવત્તા પ્રમાણપત્ર અને બેન્ડવિડ્થ લીઝિંગ માટે નાણાકીય સહાય પૂરી પાડે છે. જૂની નીતિમાં આવી કોઈ સહાયનો સમાવશે કરવામાં આવ્યો ન હતો.



Banking Academy

→ 200 કરોડથી ઓછું રોકાણ કરનારા MSME ને 40 કરોડ રૂપિયા સુધીની સહાય મળશે. 200 કરોડથી વધુના મૂડી રોકાણ સાથેના મોટા પ્રોજેક્ટ્સને રૂ. 200 કરોડની ટોચમર્યાદા સાથે કુલ મૂડી ખર્ચના 25 ટકા સુધી ટેકો આપવામાં આવશે. આ સહાય પાંચ વર્ષના સમયગાળા માટે 20 ત્રિમાસિક હપ્તાના સ્વરૂપમાં આપવામાં આવશે.

→ આ નવી નીતિ એકંદર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માંગે છે. તે જીનોમ સિકવન્સિંગ, પ્રી–કિલનિકલ ટેસ્ટિંગ, પ્લગ અને પ્લે સુવિધાઓ, ઉત્પાદન, પરીક્ષણ અને પ્રમાણપત્ર પ્રયોગશાળાઓ અને ખાનગી ક્ષેત્રની BSL-3 લેબ–રસીના વિકાસ જેવા વિશેષ પ્રોજેક્ટ્સને પ્રોત્સાહિત કરશે.

❖ **23 ફેબ્રુઆરી, 2022ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા ગાંધીનગર ખાતેથી ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદીમાં સહાય વિતરણ કાર્યક્રમની શરૂઆત કરી છે.**

→ આ યોજના દ્વારા ખેડૂતોને સ્માર્ટ ફોનની કિંમતના 40% અથવા 6000 રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. આ યોજના દ્વારા 25000 ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદીમાં સહાય વિતરણ કરવામાં આવે છે.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા તા. 24, 25 અને 26 મી ફેબ્રુઆરી–2022ના રોજ ગરીબ કલ્યાણ મેળાના 12મા તબક્કાનો પ્રારંભ તા. 24 ફેબ્રુઆરીના રોજ દાહોદ ખાતેથી કરાવ્યો હતો.**

→ આ ગરીબ કલ્યાણ મેળો 33 જિલ્લાઓમાં 37 ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા રાજ્યના નાગરિકો માટે આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.**

→ યોજના મુજબ રાજ્યના નાગરિકોને નગરપાલિકાઓ દ્વારા પુરી પાડવામાં આવતી વિવિધ માળખાકીય સેવાઓ, જેમાં મિલકત વેરો, સામાન્ય પાણી વેરો, વિશેષ પાણી વેરો, લાઈટ ટેકસ, ગટરવેરો તથા નાગરિકોને ટેકસ ભરવા માટે પ્રોત્સાહિત કરાશે. આ યોજના અનુસાર જે કોઈપણ વ્યકિત વર્ષ 2022-23 માટે 31 મે સુધીમાં અગાઉથી ટેકસની રકમ ચૂકવશે તો તેમને 10% વળતરનો લાભ મળશે. તેમજ ડિજિટલ ટ્રાન્ઝેકશન પર 15% વળતરનો લાભ મળશે.

## આંતરરાષ્ટ્રીય

❖ **યુનેસ્કોએ તાજેતરમાં નોર્ડિક 'કિલંકર બોટ્સ'ને તેની હેરિટેજ સૂચિમાં સામેલ કરી છે.**

→ હજારો વર્ષોથી, આ લાકડાની નૌકાઓએ ઉત્તર યુરોપના લોકોને તેમનો વેપાર વધારવા અને કયારેક સમુદ્રો અને ખંડોમાં યુદ્ધો કરવા માટે મદદ કરી હતી. તેના ઐતિહાસિક મહત્વને ધ્યાનમાં રાખીને, ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડને સંયુકત રીતે ડિસેમ્બરમાં યુનેસ્કોની હેરિટેજ સૂચિમાં 'કિલંકર બોટ્સ'નો સમાવેશ કરવાની માંગ કરી હતી.

❖ **તાજેતરમાં ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) કુકુશિમા ન્યુકિલયર પ્લાન્ટમાંથી સમુદ્રમાં ટ્રીટેડ પાણીના વિવાદાસ્પદ યોજનાબધ્ધ નિષ્કર્ષણની સમીક્ષા કરવા માટે જાપાનમાં એક મિશન શરૂ કરવામાં આવ્યું હતું.**

→ જાપાનના જણાવ્યા મુજબ, ઘણા દાયકાઓમાં પાણીને ટ્રીટ કરવા અને છોડવાની યોજનાઓ પ્રસ્તાવિત છે. IAEA એ પણ આ સ્થળાંતરને સમર્થન આપ્યું છે, એમ કહીને કે આ પ્રક્રિયા અન્ય સ્થળો પર પરમાણુ પ્લાન્ટમાંથી ગંદા પાણીને દૂર કરવા જેવી જ છે. જાપાન દ્વારા એપ્રિલ 2021માં અપનાવવામાં આવેલી આ યોજના માર્ચ 2023 સુધીમાં શરૂ થવાની ધારણા છે, પડોશી દેશો દ્વારા પર્યાવરણીય અને સલામતીની ચિંતાઓ પર સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે.

❖ **શિયોમારા કાસ્ટ્રો (Xiomara Castro) એ હોન્ડુરાસના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે.**

→ શિયોમારા કાસ્ટ્રો એક સમાજવાદી નેતા છે. હોન્ડુરાસ એ એક મધ્ય અમેરિકન દેશ છે. જેની રાજધાની ટેગુસિગાલ્પા છે.

❖ **તાજેતરમાં ઈટાલીના રાષ્ટ્રપતિ સાર્જિયો મટેરેલા ઈટાલીના રાષ્ટ્રપતિ તરીકે બીજા કાર્યકાળ માટે ચૂંટાયા છે.**

→ તેમને 983 સંસદો અને પ્રાદેશિક પ્રતિનિધિઓમાંથી 759 મત મળ્યા છે.

❖ **1 ફેબ્રુઆરી, 2022ના રોજ SpaceX એ ઈટાલીનો પૃથ્વી–અવલોકન ઉપગ્રહ Cosmo – Skymed સેકન્ડ જનરેશન FM2 (CSG-2) લોન્ચ કર્યો છે.**

→ આ ઉપગ્રહ પૃથ્વી પર દેખરેખ રાખશે અને જોખમ વ્યવસ્થાપન, વન અને પર્યાવરણીય સંરક્ષણ, નકશાશાસ્ત્ર, કુદરતી સંસાધન સંશોધન, જમીન વ્યવસ્થાપન અને દરિયાઈ ડેટાની દેખરેખ માટે ડેટા પ્રદાન કરશે. સિસ્ટમમાં બે ઉપગ્રહોનો સમાવેશ થાય છે, જે સિન્થેટિક એપરચર રડાર (SAR)નો ઉપયોગ કરીને પૃથ્વીનું નિરીક્ષણ કરવા માટે રચાયેલ છે.

❖ **તાજેતરમાં શ્રી એલોન મસ્કની કંપની સ્પેસએકસ દ્વારા લોન્ચ કરાયેલ કેટલાક હાઈ–સ્પીડ ઈન્ટરનેટ સ્ટારલિંક ઉપગ્રહો જીઓમેગ્નેટિક તોફાનને કારણે નાશ પામ્યા હતા.**

→ સ્ટારલિંકે 49 ઉપગ્રહો લોન્ચ કર્યા હતા જેમાંથી 40 ઉપગ્રહો જીઓમેગ્નેટિક તોફાનમાં ફસાઈ ગયા હતા. જીઓમેગ્નેટિક તોફાન એ ચુંબકીય પ્લાઝમા છે જે ખૂબ ઝડપે સૌર સપાટી પરથી બહાર નીકળે છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'વન ઓશન સમિટ' (One Ocean Summit) ના ઉચ્ચ સ્તરીય સત્રને સંબોધિત કર્યું હતું.**

→ ફ્રાન્સના બ્રેસ્ટમાં યુનાઈટેડ નેશન્સ અને વર્લ્ડ બેન્કના સહયોગથી ફ્રાન્સ દ્વારા વન ઓશન સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનાઈટેડ કિંગ્ડમ, જર્મની, જાપાન, દક્ષિણ કોરિયા અને કેનેડાના અન્ય ઘણા દેશોના વડાઓ અને સરકારો દ્વારા પણ સમિટને સંબોધવામાં આવી હતી. આ સમિટ રાજકીય નેતાઓ અને તમામ હિતધારકોને મૃત, સાહસિક અને કાર્યક્ષમ પહેલ અને પ્રતિબદ્ધતાઓ સાથે નિર્ણાયક યોગદાન આપવાની તક પૂરી પાડશે. મહાસાગરને સમર્પિત દાયકાના પ્રથમ વર્ષમાં આ પ્રથમ મોટી ઈવેન્ટ છે.

→ વન ઓશન સમિટનો મુખ્ય ઉદ્દેશ દરિયાઈ મુદ્દાઓ પર આંતરરાષ્ટ્રીય સમુદાયની મહત્વાકાંક્ષાના સામૂહિક સ્તરને વધારવાનો છે. કોન્ફરન્સ દરમિયાન ગેરકાયદેસર માછીમારી, શિપિંગ અને પ્લાસ્ટિક પ્રદૂષણને ઘટાડવાની પ્રતિબદ્ધતા કરવામાં આવી હતી.

❖ **તાજેતરમાં જાહેર થયેલ સેલ્સફોર્સ ગ્લોબલ ડિજિટલ સ્કીલ્સ ઈન્ડેક્સ 2022માં ભારતે પ્રથમ સ્થાન મેળવ્યું.**

→ આ ઈન્ડેકસ 19 દેશોની સરખામણી કરીને બનાવવામાં આવ્યો હતો. આ ઈન્ડેકસની ગણતરી નાગરિકોની નવી ડિજિટલ કૌશલ્ય અને કર્મચારીઓની ભાવના શીખવાની તૈયારીના આધારે કરવામાં આવી હતી. તમામ દેશોમાં ભારતનો સૌથી વધુ તૈયારીનો સ્કોર હતો. ભારતે આ ઈન્ડેકસમાં 100માંથી 63નો સ્કોર મેળવ્યો હતો.

❖ **તાજેતરમાં ઓસ્ટ્રેલિયાએ કોઆલા (Koalas)ને લુપ્તપ્રાય પ્રજાતિ તરીકે જાહેર કર્યું છે.**

→ કવીન્સલેન્ડ, ન્યૂ સાઉથ વેલ્સ અને ઓસ્ટ્રેલિયન કેપિટલ ટેરિટરીમાં 10 વર્ષ પહેલાં આ પ્રજાતિઓને સંવેદનશીલ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. હવે આ પ્રજાતિનું રક્ષણ વધારવામાં આવશે. વસવાટના નુકસાનની સંચિત અસરો, લાંબા સમય સુધી દુષ્કાળની અસરો, આગની ઘટનાઓ, શહેરીકરણ અને રોગને કારણે સમગ્ર દેશમાં કોઆલાની વસતી નાટકીય રીતે ઘટી રહે છે.

❖ **નાસાએ સૂર્યની ગતિશીલતા, સતત બદલાતા અવકાશી વાતાવરણ અને સૂર્ય અને પૃથ્વી વચ્ચેના સંબંધ વિશેની આપણી સમજને વધારવા માટે બે વિજ્ઞાન મિશન – 'મલ્ટિ–સ્લિટ સોલર એકસપ્લોરર' (MUSE) અને 'હેલિઓસ્વોર્મ'ની જાહેરાત કરી છે.**

→ આ બંને મિશન આપણને બ્રહ્માંડની ઊંડી સમજ આપશે અને અવકાશયાત્રીઓ, ઉપગ્રહો અને જીપીએસ જેવા સંચાર સંકેતોને સુરક્ષિત કરવામાં મદદ કરવા માટે નિર્ણાયક સાબિત થશે. 'મલ્ટિ–સ્લિટ સોલાર એકસપ્લોરર' (MUSE) મિશન વૈજ્ઞાનિકોને સૂર્યના કોરોનાને ગરમ કરતા પરિબળો અને તે બાહ્ય ક્ષેત્રમાં વિસ્ફોટોને સમજવામાં મદદ કરશે, જે અવકાશના હવમાનને અસર કરે છે.

→ 'હેલિયોસવોર્મ' મિશન નવ અવકાશયાનનું એક જૂથ છે, જે 'સૌર પવન'ની ગતિને સમજવામાં મદદ કરશે, જે ચુંબકીય ક્ષેત્રની વધઘટ અને સૌર પવનની અસ્થિરતાના પ્રથમ મલ્ટિસ્કેલ ઈનસ્પેસ માપન તરીકે ઓળખાય છે.

❖ **તાજેતરમાં રશિયા–યુક્રેન તણાવ વચ્ચે 'બાબુશ્કા બટાલિયન' ઘણી ચર્ચામાં છે.**

→ કોન્સ્ટેન્ટિનોવસ્કા અને 'બાબુષ્કા' (વૃદ્ધ મહિલાઓ)ની સેના 2014માં સંઘર્ષ શરૂ થયો ત્યારથી સ્વયંસેવી રહી છે. તેણે યુદ્ધ માટે ખાઈ ખોદી છે, જાળી બનાવી છે અને ખોરાક પૂરો પાડયો છે, તેમજ તબીબી સંભાળની ઓફર કરી છે અને લુકઆઉટ ટાવર બનાવ્યો છે. તેઓ દક્ષિણપંચી ચળવળ એઝોવ હેઠળ ગોઠવવામાં આવ્યા છે. એઝોવ ચળવળ એ દક્ષિણપંચી સર્વ–સ્વયંસેવક પાયદળ લશ્કરી એકમ છે જે અતિ–રાષ્ટ્રવાદી છે, જેના પર શ્વેત સર્વોપરિતા અને નિયો–નાઝી વિચારધારાને આશ્રય આપવાનો આરોપ છે. કિવમાં આ સ્થિતિ રાજકીય પાંખ છે.

❖ **રાષ્ટ્રપતિ રેસેપ તૈઈપ એર્દોગનની આગેવાની હેઠળની તુર્કીની સરકારે દેશનું નામ તુર્કીમાંથી બદલીને 'તુર્કીયે' કરવાનો નિર્ણય લીધો.**

→ આ પગલાનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની છબી સુધારવા અને દેશના ઈતિહાસને તેના નામ સાથે જોડવાનો છે.

❖ **ભારતીય હવાઈદળ (IAF) અને રોયલ એર ફોર્સ ઓફ ઓમાન (RAFO) ઈન્ટરઓપરેબિલિટી મારફતે ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા માટે "ઈસ્ટર્ન બ્રિજ–6" નામની દ્વિપક્ષીય કવાયતમાં ભાગ લીધો હતો.**

→ ઈસ્ટર્ન બ્રિજ–6 હવાઈ કવાયત 21 ફેબ્રુઆરી થી 25 ફેબ્રુઆરી વચ્ચે યોજાઈ હતી. આ કવાયતની છઠ્ઠી આવૃત્તિ છે, જે એરફોર્સ સ્ટેશન જોધપુરમાં થઈ હતી.

→ આ કવાયત બંને હવાઈ દળો વચ્ચે ઓપરેશનલ ક્ષમતા વધારવાની સાથે સાથે આંતરવ્યવહારિકતા વધારવાની તક પૂરી પાડવાના ઉદ્દેશ્યથી હાથ ધરવામાં આવી છે.

❖ **તાજેતરમાં 'મિલન અભ્યાસ–2022' બે તબક્કામાં વિશાખાપટ્ટનમ ખાતે યોજાયો હતો.**

→ આ વર્ષના અભ્યાસની થીમ – Camaraderie – cohesion collaboration છે.

→ આ અભ્યાસ ભારતીય નૌકાદળ દ્વારા યોજવામાં આવતી બહુપક્ષીય નૌસેના અભ્યાસ છે. જે દ્વિવાર્ષિક અભ્યાસ છે. જેની શરૂઆત વર્ષ 1995માં થઈ હતી. આ વર્ષે આ અભ્યાસમાં 46 દેશોએ ભાગ લીધો હતો જેમાં QUAD દેશો પણ ભાગ લેશે.

❖ **ભારતનું સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રીટ (LCA) તેજસ 'કોબરા વોરિયર' અભ્યાસમાં ભાગ લેશે.**

→ કોબરા વોરિયર એક બહુરાષ્ટ્રીય હવાઈ અભ્યાસ છે, જે યુનાઈટેડ કિંગ્ડમના રોયલ એરફોર્સ સ્ટેશન વેડિંગ્ટન ખાતે યોજાશે. અગાઉ તેજસે દુબઈ અને સિંગાપોરમાં ઈન્ટરનેશનલ એર શોમાં ફ્લાઈંગ ડિસ્પ્લેમાં ભાગ લીધો હતો.

→ કોબરા વોરિયર અભ્યાસ એ યુનાઈટેડ કિંગ્ડમમાં રોયલ એર ફોર્સ (RAAF) દ્વારા હાથ ધરવામાં આવતો સૌથી મોટો સંયુકત લશ્કરી અભ્યાસ છે. આ અભ્યાસ એરક્રૂ માટે સૌથી પડકારજનક તાલીમ છે.

❖ **ધર્મ ગાર્ડિયન અભ્યાસની નવીનતમ આવૃત્તિ 27 ફેબ્રુઆરીથી 10 માર્ચ, 2022 સુધી શરૂ થશે અને આ અભ્યાસ કર્ણાટકના બેલાગવીમાં યોજાશે.**

→ ભારતીય સેનાની 15મી બટાલિયન મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટ અને જાપાનની 30મી ઈન્ફન્ટ્રી રેજિમેન્ટ જાપાનીઝ ગ્રાઉન્ડ સેલ્ફ ડિફેન્સ ફોર્સિસ આ વર્ષના અભ્યાસમાં ભાગ લઈ રહી છે.

❖ **તાજેતરમાં ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા લોકશાહી સૂચકાંક (Democracy Index) – 2021 જાહેર કર્યો હતો.**

→ આ રિપોર્ટ મુજબ 165 દેશોમાં ભારતનું સ્થાન 46 માં ક્રમે રહ્યું હતું. જેમાં ભારતનો સ્કોર 6.91 હતો. આ ઈન્ડેક્ષમાં પ્રથમ ક્રમે નોર્વે જ્યારે બીજા ક્રમે ન્યુઝીલેન્ડ અને ત્રીજા ક્રમે ફિનલેન્ડ રહ્યું. આ ઈન્ડેક્ષમાં છેલ્લા ક્રમે અફઘાનિસ્તાન રહ્યું હતું.

❖ **તાજેતરમાં ભારતના UPI સિસ્ટમને અપનાવનાર વિશ્વનો પ્રથમ દેશ નેપાલ બન્યો છે.**

→ UPI નું આખુ નામ યુનિફાઈટ પેમેન્ટ ઈન્ટરફેસ છે. જેનો વિકાસ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા કરવામાં આવ્યો છે.

## અર્થવ્યવસ્થા

❖ **ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) એ તાજેતરમાં તેનું વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક બહાર પાડયું છે.**

→ આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક આર્થિક વૃદ્ધિ અગાઉના અંદાજ કરતા અડધા ટકા ઘટી જશે. IMFના અનુમાન મુજબ 2021-22માં ભારત 9% ના દરે વૃદ્ધિ પામશે તેના ઓકટોબર–2021ના અંદાજમાં IMF એ ભારતની વૃદ્ધિની સંભાવના 9.5% રહેવાનો અંદાજ મૂકયો હતો. IMF એ હવે 2022-23માં ભારતના અર્થતંત્ર માટે 9% નો અંદાજ મૂકયો છે.

❖ **ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ તાજેતરમાં ફેબ્રુઆરી, 2022 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડયો હતો.**

→ સતત દસમી વખત પોલિસી રેટ યથાવત રાખવામાં આવ્યા છે. રેપો રેટ 4% પર યથાવત રાખવામાં આવ્યો છે જ્યારે રિવર્સ રેપો રેટને પણ 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે. સીમાંત સ્થાયી સુવિધા (Marginal Standing Facility – MSF) દર અને બેંક દર (Bank Rate) ને પણ પહેલાની જેમ 4.25% પર યથાવત રાખવામાં આવ્યા છે.

❖ **હુરુનના રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં ભારતમાં અમીર ઘરોમાં 11 ટકાનો વધારો થયો છે.**

→ ભારતમાં 4,58,000 ડોલર–કરોડપતિ પરિવારો છે જેમની કુલ સંપત્તિ 7 કરોડ રૂપિયા અથવા તેથી વધુ છે. હુરુન રિપોર્ટ ઓકસફેમના 'ઈનકમિટી કિલ્સ : ઈન્ડિયા સપ્લીમેન્ટ 2022' ના રિપોર્ટના એક મહિના બાદ જાહેર કરવામાં આવ્યો છે જેમાં જાણવા મળ્યું છે કે 2015થી અત્યાર સુધીમાં ભારતની વધુ સંપત્તિ ટોપ 1 ટકા જનસંખ્યા સુધી પહોંચી ગઈ છે.

→ હુરુનના રિપોર્ટ અનુસાર આગામી પાંચ વર્ષમાં અમીર પરિવારોની સંખ્યા 30 ટકા વધીને 6,00,000 થઈ જશે. આવા 20,300 ઘરો સાથે મુંબઈ હાલમાં સૌથી વધુ ડોલર કરોડપતિ પરિવારો ધરાવતા શહેરોની યાદીમાં મોખરે છે, ત્યારબાદ દિલ્હીમાં 17,400 અને કોલકાતામાં 10,500 આવા પરિવારો છે.

→ હુરુનના લકઝરી કન્ઝ્યુમર સર્વે 2021 અનુસાર, ઈ–વોલેટ અથવા UPIનો તેમની પસંદગીની ચૂકવણી પદ્ધતિ તરીકે ઉપયોગ કરતા ભારતીય કરોડપતિઓની સંખ્યા આ વર્ષે બમણીથી વધુ વધીને 36 ટકા થઈ ગઈ છે.

❖ **મૂડીઝે ભારતના ચાલુ નાણાકીય વર્ષ માટેનું અનુમાન 7 ટકાથી વધારીને 9.5 ટકા કરવામાં આવ્યું છે.**

→ નાણાકીય વર્ષ 2023 માટે GDP અનુમાન 5.5 ટકા પર યથાવત રાખવામાં આવ્યું છે.

❖ **યુએસ ચેમ્બર ઓફ કોમર્સના ગ્લોબલ ઈનોવેશન પોલિસી સેન્ટરના વાર્ષિક અહેવાલ મુજબ ભારતનો એકંદર IP સ્કોર 38.4 ટકાથી વધીને 38.6 ટકા થયો છે અને આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદામાં 55 દેશોમાં ભારત 43મું સ્થાન ધરાવે છે.**

→ આ રિપોર્ટની ભારતનો એકંદર સ્કોર 38.40 ટકા (50માંથી 19.20) થી વધીને 38.64 ટકા (50 માંથી 19.32) થયો છે.

→ ઈન્ટરનેશનલ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ઈન્ડેકસમાં ટોચના 5 દેશોમાં યુએસ, યુનાઈટેડ કિંગડમ, જર્મની, સ્વીડન, ફ્રાન્સનો સમાવેશ થાય છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી, નીતિ આયોગના સભ્ય ડો. વી.કે.પોલની હાજરીમાં NIPER રિસર્ચ પોર્ટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.**

→ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (NIPER) એ એક સંશોધન પોર્ટલ છે જે તમામ NIPER અને તેમની સંશોધન પ્રવૃત્તિઓ, પેટન્ટ ફાઈલ અને પ્રકાશન માહિતી એક જ જગ્યાએ પ્રસારિત કરવાના ઉદ્દેશ્ય સાથે બનાવવામાં આવ્યું છે, જેથી ઉદ્યોગ અને અન્ય હિતધારકો તેમના વિશે જાણી શકે. આ પોર્ટલનો હેતુ ચાલુ સંશોધન કાર્યની ઉપલબ્ધતાને પ્રમાણિત કરવાનો છે.

→ આનાથી અન્ય સંશોધકો અને ખાસ કરીને ઉદ્યોગ સંબંધિત સંસ્થા સાથે સંપર્કમાં રહેવામાં મદદ મળશે જેથી તેઓ સાથે મળીને કામ કરી શકે અને સંશોધનને વધુ હેતુપૂર્ણ અને અર્થપૂર્ણ બનાવી શકે.

❖ **તાજેતરમાં તાહિતીના દરિયાકિનારે વૈજ્ઞાનિકો દ્વારા કોરલ રીફની શોધ કરવામાં આવી છે.**

→ આ ખડકો બે માઈલ લાંબો છે અને માનવશાસ્ત્રીય પ્રવૃત્તિઓ અને આબોહવા પરિવર્તનથી પ્રભાવિત નથી. આ કોરલ રીફ ડાઈવ અભિયાન દરમિયાન મળી આવી છે.

→ આ અભિયાનને યુનેસ્કો દ્વારા ટેકો મળ્યો હતો. તાહિતી એ ફ્રેન્ચ પોલિનેશિયાનો સૌથી મોટો ટાપુ છે. તે મધ્ય પેસિફિક મહાસાગરમાં સ્થિત છે.

→ જ્વાળામુખીની ગતિવિધિઓને કારણે તાહિતીની રચના થઈ હતી. પરવાળાના ખડકો 100 ફૂટથી 210 ફૂટની ઊંડાઈએ મળી આવ્યા હતા. આ કોરલ રીફ મેસોફોટિક ઝોનમાં છે, જે સૌથી ઊંડો ઝોન છે જ્યાં સૂર્યપ્રકાશ પ્રવેશી શકે છે.

❖ **બેંગ્લોર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IISc) એ નેશનલ સુપર કોમ્પ્યુટિંગ મિશન હેઠળ નવીનતમ સુપર કમ્પ્યૂટર, 'પરમ પ્રવેગ' નામનું સુપર કમ્પ્યૂટર શરૂ કરવાની જાહેરાત કરી છે.**

→ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ અનુસાર, 'પરમ પ્રવેગ' એ ભારતના સૌથી શકિતશાળી સુપર કમ્પ્યૂટર્સમાંનું એક છે. 'પરમ પ્રવેગ' સુપર કમ્પ્યૂટરમાં કુલ 3.3 પેટાફલોપ (1 પેટાફલોપ અથવા 1015 ઓપરેશન્સ પ્રતિ સેકન્ડની સમકક્ષ)ની સુપર કમ્પ્યૂટિંગ ક્ષમતા છે.

→ આ સુપર કમ્પ્યૂટરનો ઉપયોગ સંશોધન માટે કરવામાં આવશે. 'પરમ પ્રવેગ' સુપરકમ્પ્યૂટરમાં કોમ્પ્યૂટિંગ નોડ્સ માટે ઈન્ટલ ઈન્ટેલ જીયોન કાસ્કેડ લેક પ્રોસેસર અને જીપીયુ નોડ્સ પર નવીડિયા એનવીઆઈડીઆઈ ટેસ્લા વી100 કાર્ડ્સ સાથે વિજાતીય નોડ્સનું મિશ્રણ છે.

→ 'પરમ પ્રવેગ' સુપર કમ્પ્યૂટરને 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કોમ્પ્યૂટિંગ' (C-DAC) દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે.



Banking Academy

❖ **તાજેતરમાં કેન્દ્રીય ઊર્જા મંત્રાલયે 'પાવરથોન–2022'ની શરૂઆત કરી.**

→ આ એક હેકાથોન સ્પર્ધા છે જે રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) હેઠળ પાવર ડિસ્ટ્રિબ્યુશનમાં જટિલ સમસ્યાઓ ઉકેલવા માટે ટેકનોલોજી આધારિત ઉકેલો શોધવા માટે શરૂ કરવામાં આવી છે.

→ આ હેકાથોનમાં સ્ટાર્ટ–અપ્સ, ટેકનોલોજી સોલ્યુશન પ્રોવાઈડર્સ (ટીએસપી), શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ, સાધનો ઉત્પાદકો, રાજ્ય પાવર યુનિટ્સ અને રાજ્ય અને કેન્દ્રીય પાવર સેક્ટરની અન્ય સંસ્થાઓની ભાગીદારી જોવા મળશે.

→ આ હેકાથોન નવ થીમ ધરાવે છે : માંગ/ભાર અનુમાન, કુલ ટેકનોલોજી અને વાણિજિયક (AT&C) નુકસાનમાં ઘટાડો, ઊર્જા ચોરીની તપાસ, વિતરણ ટ્રાન્સફોર્મર (DT) નિષ્ફળતાનો અંદાજ, સંપત્તિ નિરીક્ષણ, વનસ્પતિ વ્યવસ્થાપન, ઉપભોકતા અનુભવમાં વધારો, નવીનીકરણીય ઊર્જાનું સંયોજન અને નવીકરણીય શકિત ખરીદીનું અનુકૂલન.

❖ **તાજેતરમાં ભારત ડાયનામિકસ લિમિટેડ (BDL) અને ભારતીય સેના વચ્ચે કોંકર્સ–એમ એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ (ATGM)ના ઉત્પાદન અને સપ્લાય માટે રૂ. 3,131.82 કરોડના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.**

→ રશિયન ઓરિજિનલ ઈકિવપમેન્ટ મેન્યુફેકચરર (OEM) સાથેના લાયસન્સ કરાર હેઠળ BDL દ્વારા Konkurs – M એન્ટિટેન્ક ગાઈડેડ મિસાઈલોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ મિસાઈલને વધુને વધુ સ્વદેશી સ્વરૂપ આપવામાં આવશે. Konkers-M એ બીજી પેઢીની મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.

→ તે વિસ્ફોટક પ્રતિક્રિયાશીલ બખ્તરથી સજ્જ સશસ્ત્ર વાહનોને નષ્ટ કરવા માટે બનાવવામાં આવી રહ્યું છે. મિસાઈલને BMP-II ટેન્ક અથવા ગ્રાઉન્ડ લોન્ચરથી લોન્ચ કરી શકાય છે. તેની રેન્જ 75 થી 4000 મીટર છે. તે દિવસ અને રાત્રિ બંને સ્થિતિમાં કાર્ય કરવા સક્ષમ છે. આ ATGM સિસ્ટમમાં તાલીમ સહાય, લડાઈ સામગ્રી અને તેની જાળવણી સુવિધાઓનો સમાવેશ થાય છે. તેની પ્રક્ષેપણ ડિઝાઈનને લીધે, કોન્કર–એમ સિસ્ટમ વિવિધ ટ્રેક અને વ્હીલ્ડ પ્લેટફોર્મ પર ઈન્સ્ટોલ કરી શકાય છે.

❖ **તાજેતરમાં 'ઝૂલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા' (ZSI)ના વૈજ્ઞાનિકોએ દેશમાં એક નવી સસ્તન પ્રજાતિ – 'વ્હાઈટ ચીકડ મકાક' (મેકાકા લ્યુકોજેનિસ) શોધી કાઢી છે.**

→ આ પ્રજાતિ પ્રથમ વખત વર્ષ 2015માં ચીનમાં મળી આવી હતી, તે પહેલા ભારતમાં તેનું અસ્તિત્વ જાણી શકાયું ન હતું. હવે ભારતીય વૈજ્ઞાનિકોએ મધ્ય અરુણાચલ પ્રદેશના દૂરના અંજો જિલ્લામાં તેની હાજરી શોધી કાઢી છે.

❖ **તાજેતરમાં વિજ્ઞાન જ્યોતિ કાર્યક્રમનો બીજો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે જે 100 જિલ્લાઓને આવરી લેશે.**

→ વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા વિજ્ઞાન જ્યોતિ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, DST વિવિધ મહિલા કેન્દ્રિત કાર્યક્રમો દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજી (S&T) માં લિંગ સમાનતા લાવવા માટે સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે.

→ આ કાર્યક્રમનો હેતુ દેશમાં વિજ્ઞાન–ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિત (STEM)ના વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓના ઓછા પ્રતિનિધિત્વને સંબોધવાનો છે.

❖ **ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) દ્વારા વર્ષ 2022માં તેનું પ્રથમ પ્રક્ષેપણ મિશન – PSLV-C52 શ્રી હરિકોટા ખાતેથી લોન્ચ કર્યુ. જેના દ્વારા અવકાશમાં 'અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ' (EOS-04) મૂકવામાં આવ્યો.**

→ ISRO દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન અનુસાર, 1710 કિલોગ્રામ વજનના 'EOS-04' સેટેલાઈટને 'PSLV-C52' મિશન દ્વારા 529 કિમીની સૂર્ય સિંક્રોગ્નસ પોલર ઓર્બિટમાં મૂકવામાં આવ્યો છે. આ સિવાય બે નાના ઉપગ્રહોને પણ 'PSLV-C52' મિશનમાં શામેલ કરવામાં આવ્યા છે. આ સિવાય અન્ય ઉપગ્રહો INS-2TD અને INSPIRE sat-1 પણ લોન્ચ કરવામાં આવ્યો છે.

→ EOS-04 એ રડાર ઈમેજિંગ સેટેલાઈટ (RISAT) છે. જેનો ઉપયોગ કૃષિ, વનસંવર્ધન અને વૃક્ષારોપણ, જમીનની ભેજ અને જળવિજ્ઞાન તેમજ પૂર મેપિંગ જેવા કાર્ય માટે ઉપયોગમાં આવશે.

❖ **ભારત સરકારે તાજેતરમાં બે નવી રામસર સાઈટ જાહેર કરી હતી.**

→ આ બે નવી ઉમેરાયેલી સાઈટ આ મુજબ છે : (1) ખીજડિયા પક્ષી અભયારણ્ય – ગુજરાત, (2) બખીરા વન્યજીવ અભયારણ્ય – ઉત્તરપ્રદેશ

→ ખીજડિયા પક્ષી અભયારણ્ય જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં આવેલું છે. બખીરા વન્યજીવ અભયારણ્ય ઉત્તરપ્રદેશના ગોરખપુરના પશ્ચિમમાં આવેલું છે. તે ભારતની સૌથી મોટી કુદરતી પૂરની આદ્રભૂમિ (Flood Plain Wetland) છે. આ બે નવી રામસર સાઈટનો ઉમેરો થતા ફેબ્રુઆરી, 2022 સુધીમાં ભારતમાં કુલ 49 રામસર સાઈટ થઈ ગઈ છે.

❖ **રાફેલ ફાઈટર જેટના મેરીટાઈમ વર્ઝનનું તાજેતરમાં INS વિક્રાંત પર સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.**

→ એરક્રાફ્ટ કેરિયરમાંથી રાફેલ જેટના ટેક ઓફની તપાસ કરવા માટે આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. INS વિક્રાંત એરક્રાફ્ટ કેરિયર કેટપલ્ટ લોન્ચનો ઉપયોગ કરે છે અને આ એરક્રાફ્ટે લોન્ચ વખતે સારૂ પ્રદર્શન કર્યું હતું. કેટપલ્ટ એક ઉપકરણ છે જે એરક્રાફ્ટને નાની જગ્યામાંથી ઉડવા માટે સક્ષમ બનાવે છે.

❖ **વિશ્વ આદ્રભૂમિ દિવસ એટલે કે 2 ફેબ્રુઆરી, 2022ના રોજ 'અરવલ્લી જૈવ વિવિધતા પાર્ક'ને પ્રથમ 'Other Effective Area – Based Conservation Measures (OECM)' (પ્રથમ અન્ય અસરકારક વિસ્તાર – આધારિત સંરક્ષણ પગલાં) સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.**

→ OECM ટેગ 'ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN)' દ્વારા આપવામાં આવે છે. IUCN મુજબ OECM સાઈટ્સ સુરક્ષિત નથી તે જૈવવિવિધતામાં સમૃદ્ધ છે. અરવલ્લી પર્વતમાળા દેશની પ્રથમ OECM સાઈટ છે.

❖ **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત એલ્ગોરિધમ્સનો ઉપયોગ કરીને, ભારતીય ખગોળશાસ્ત્રીઓએ રહેવા લાયક ઉચ્ચ–સંભાવનાવાળા ગ્રહોની શોધ માટે એક નવી પદ્ધતિ શોધી કાઢી છે.**

→ અધ્યયન અનુસાર, લગભગ 5000 માંથી 60 રહેવા યોગ્ય સંભવિત ગ્રહો છે અને લગભગ 8000 સંભવિત ગ્રહો સૂચવવામાં આવ્યા છે. આ મૂલ્યાંકન પૃથ્વી સાથેના તે ગ્રહોની નિકટતા, સમાનતા પર આધારિત છે.

→ આ ગ્રહોને 'બિન–વસવાટયોગ્ય' ગ્રહોના વિશાળ સમૂહમાં વિષમ ઉદાહરણો (એટલે કે રહેવા યોગ્ય) તરીકે જોઈ શકાય છે. વૈજ્ઞાનિકો દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનું નામ 'મલ્ટિ–સ્ટેજ મેમેટિક બાઈનરી ટ્રી એનોમેની આઈડેન્ટિફાયર' હતું.

❖ **સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્રણ એમએચ–60 આર મલ્ટીરોલ હેલિકોપ્ટરની પ્રથમ બેચ જુલાઈ 2022 સુધીમાં ભારત આવે તેવી સંભાવના છે.**

→ ભારતીય નૌસેનાએ અમેરિકાથી MH-60R મલ્ટી રોલ હેલિકોપ્ટરનો ઓર્ડર આપ્યો હતો. છ કામોવ કેએ–31 અર્લી વોર્નિંગ હેલિકોપ્ટર ખરીદવાની પણ તૈયારી કરવામાં આવી રહી છે. જુલાઈ 2021માં અમેરિકામાં ભારતીય નૌકાદળમાં ત્રણ હેલિકોપ્ટર મોકલવામાં આવ્યા હતા. હાલમાં પેનસાકોલા, સાન ડિએગો અને ફ્લોરિડામાં ભારતીય પાઈલટ્સને તાલીમ આપવા માટે તેમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તે ભારતીય નૌકાદળનું પહેલું મહત્વપૂર્ણ હેલિકોપ્ટર બનવા જઈ રહ્યું છે, જેને દાયકાઓમાં જહાજો પર તૈનાત કરવા માટે સામેલ કરવામાં આવ્યું છે.

❖ **યુનાઈટેડ નેશન્સ એન્વાયર્મેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા ફ્રન્ટિયર્સ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.**

→ તાજેતરના અહેવાલનું શીર્ષક "ઘોંઘાટ, બ્લેઝ એન્ડ મિસમેચિસ : ઉભરતી સમસ્યાઓ ઓફ એન્વાયર્નમેન્ટલ કન્સર્ન" છે. UN એન્વાયર્નમેન્ટ એસેમ્બલીને જાહેર કરવામાં આવેલા આ અહેવાલમાં જાહેર આરોગ્યની વધતી જતી સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જે કુદરતી જીવન ચક્રને વિક્ષેપિત કરી રહી છે અને વિશ્વભરમાં પર્યાવરણીય અસરો ઉભી કરી રહી છે.

→ UNEP ફ્રન્ટિયર્સનો અહેવાલ વધતા જતા પર્યાવરણીય પડકારો અંગે જાગૃતિ ફેલાવે છે. અહેવાલમાં વિવિધ પર્યાવરણીય પડકારો તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે જે વૈશ્વિક અથવા પ્રાદેશિક વિનાશ વેરવાની સંભાવના સાથે ઉભરી રહ્યા છે.

→ આ રિપોર્ટ ધ્વનિ પ્રદૂષણ, જીવલેણ જંગલમાં લાગેલી આગ અને વિવિધ પર્યાવરણીય જોખમો કે જે નિકટવર્તી છે તે પર્યાવરણીય નુકસાન પહોંચાડી શકે છે અને તેથી આ ચિંતાઓને દૂર કરવી અત્યંત જરૂરી છે.

❖ **ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી રૂરકી (IIT રૂરકી) એ ખેડૂતો માટે 'કિસાન' નામની મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી છે.**

→ આ એપના માધ્યમથી ખેડૂતોને કૃષિ–હવામાન વિષયક સલાહકાર સેવાઓ પૂરી પાડવામાં આવશે. રૂરલ એગ્રિકલ્ચરલ વેધર સર્વિસ (GKMS) પ્રોજેકટ હેઠળ IIT રૂરકી દ્વારા ખેડૂત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દહેરાદૂન, હરિદ્વારા અને પૌડી ગઢવાલ જિલ્લાના ખેડૂતો હાજર રહ્યા હતા. ભાગ લેનારા ખેડૂતોને એગ્રોમેટ એડવાઈઝરી સેવાઓ વિશે શીખવવામાં આવ્યું હતું, જે ભારતીય હવામાન વિભાગ (IMD) અને AMFU રૂરકી દ્વારા સંયુકત રીતે પ્રદાન કરવામાં આવે છે. હરિદ્વારના છ બ્લોકના ખેડૂતોને પહેલાથી જ અઠવાડિયામાં બે વાર એગ્રોમેટ સલાહકાર સેવાઓ આપવામાં આવી રહી છે. આ કિસાન એપના માધ્યમથી મોબાઈલ ફોન દ્વારા બુલેટીન એકસેસ કરી શકાશે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

❖ **ન્યૂઝીલેન્ડના બેટ્સમેન ડેરીલ મિશેલને ICC સ્પિરિટ ઓફ ક્રિકેટ એવોર્ડથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે.**

→ ગયા વર્ષે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને 'ICC સ્પિરિટ ઓફ ધ ક્રિકેટ એવોર્ડ ઓફ ધ ડેકેડ' તરીકે નામ આપવામાં આવ્યું છે.

❖ **ભારત રત્ન પુરસ્કાર વિજેતા લતા મંગેશકર, 92 વર્ષની વયે, 6 ફેબ્રુઆરીના રોજ કોવિડ–19નો ચેપ લાગવાથી મૃત્યુ પામ્યા હતા.**

→ તેમનો જન્મ 28 સપ્ટેમ્બર, 1929ના રોજ મધ્ય પ્રદેશના ઈન્દોરમાં થયો હતો. વર્ષ 2001માં તેમને ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો હતો.

→ તેમણે 3 રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો (1972, 1974, 1990) અને 12 બંગાળ ફિલ્મ જર્નાલિસ્ટ એસોસિએશન એવોર્ડ્સ (1964, 1967-1973, 1975, 1981, 1983, 1985) જીત્યા. તેણીએ શ્રેષ્ઠ મહિલા પ્લેબેક સિંગર માટે ચાર ફિલ્મફેર એવોર્ડ પણ જીત્યા છે. તેમને વર્ષ 1993માં ફિલ્મફેર લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

❖ **તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે એમ. જગદીશ કુમારને 'યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન' (UGC) ના નવા અધ્યક્ષ તરીકે નિયુકત કર્યા છે.**

→ આ નિમણૂક 5 વર્ષની મુદ્દત માટે અથવા 65 વર્ષની વય સુધી (જે વહેલું હોય તે) માટે કરવામાં આવી છે. એમ. જગદીશ કુમારને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે નિયુકત કર્યા હતા. તેઓ મૂળ તેલંગાણાના છે. તેમણે IIT દિલ્હીના પાવર વિભાગમાં પ્રોફેસર તરીકે સેવા આપી છે.

→ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન એ એક સ્વાયત્ત સંસ્થા છે જેની સ્થાપના 1953માં થઈ હતી.

❖ **તાજેતરમાં ICC અંડર–19 વર્લ્ડ કપ 2022 ની ફાઈનલ 5 ફેબ્રુઆરીએ એન્ટિગુઆના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં રમાઈ હતી જેમાં ભારતે ઈંગ્લેન્ડ સામે ચાર વિકેટે જીત મેળવી હતી.**

→ ICC અંડર–19 વર્લ્ડ કપમાં ભારતનું આ રેકોર્ડ પાંચમું અંડર–19 ખિતાબ છે. આ અંડર–19 ક્રિકેટ વર્લ્ડ કપની 14મી આવૃત્તિ હતી અને વેસ્ટ ઈન્ડિઝમાં આયોજિત કરવામાં આવી હતી.

❖ **ક્રાંતિકારી સચિન્દ્ર નાથ સાન્યાલને તેમની 80મી પુણ્યતિથિએ આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે પોર્ટ બ્લેરની સેલ્યુલર જેલની મુલાકાત લીધી અને સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી.**

→ સચિન્દ્ર નાથ સાન્યાલનો જન્મ વર્ષ 1893માં તે સમયના ઉત્તર–પશ્ચિમ પ્રાંતના બનારસ શહેરમાં થયો હતો. નાનપણથી જ સાન્યાલ તેમના સ્વભાવ અને ક્રાંતિકારી વિચારો માટે જાણીતા હતા.

- **આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીની 198મી જન્મજયંતિ 12 ફેબ્રુઆરી 2022ના રોજ ઉજવવામાં આવી હતી.**
  - → દયાનંદ સરસ્વતી એક મહાન વિચારક અને જાણીતા સમાજ સુધારક હતા. દયાનંદ સરસ્વતીનો જન્મ 12 ફેબ્રુઆરી, 1824ના રોજ ગુજરાતના ટંકારામાં થયો હતો. સ્વામી દયાનંદ સરસ્વતીને પુનરુત્થાન યુગના હિન્દુ માર્ટિન લ્યુથર કહેવામાં આવે છે. તેમના દ્વારા રચિત 'સત્યાર્થ પ્રકાશ' અને તેમના દ્વારા સ્થાપિત 'આર્ય સમાજ'એ સંદેશ આપે છે કે વેદો તરફ પાછા ફરો અને ભારતના સાર્વભૌમત્વને સમજો. તેમણે વ્યક્તિગત ઉત્થાન કરતાં સામૂહિક ઉત્થાનને વધુ મહત્વ આપ્યું.
- **તાજેતરમાં ભારતીય હોકી ગોલકીપર શ્રી પી.આર.શ્રીજેશને 'વર્લ્ડ ગેમ્સ એથ્લેટ ઓફ ધ યર, 2021' થી સન્માનિત કરવામાં આવ્યા.**
  - → આ એવોર્ડ જીતનાર તેઓ બીજા ભારતીય અને બીજા હોકી ખેલાડી છે. આ પહેલાં ભારતીય મહિલા ટીમના ખેલાડી રાની રામપલે આ એવોર્ડ 2019માં જીત્યો હતો.
- **લેફ્ટનન્ટ જનરલ જી.એ.વી.રેડ્ડીને 'ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી' (DIA) ના નવા ચીફ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.**
  - → તેઓ લેફ્ટનન્ટ જનરલ કે.જે.એસ.ધિલ્લોનનું સ્થાન લેશે. ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સીના ડાયરેકટર જનરલ સંસ્થાના વડા છે અને સંરક્ષણ મંત્રી અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના ગુપ્તચર સલાહકારોમાંના એક છે. ત્રણ સશસ્ત્ર સેવાઓ વચ્ચેના પરિભ્રમણને આધારે ડાયરેકટર જનરલની પોસ્ટ નક્કી કરવામાં આવે છે.
  - → ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી (DIA) ભારતીય સશસ્ત્ર દળોને સંરક્ષણ અને લશ્કરી ગુપ્ત માહિતીનું સંકલન અને પ્રદાન કરવા માટે જવાબદાર છે. જેની રચના 2002માં થઈ હતી. આ સંસ્થાનું સંચાલન સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કરવામાં આવે છે.
- **ભૂતપૂર્વ નાણા સચિવ સુભાષ ચંદ્ર ગર્ગ 'ધ 10 ટ્રિલિયન ડ્રીમ' નામનું પુસ્તક લોન્ચ કરશે.**
  - → આ પુસ્તક વર્તમાનમાં ભારત સામેના મહત્વના નીતિ વિષયક મુદ્દાઓ પર પ્રતિબિંબિત કરે છે. તે આ મુદ્દાઓને ઉકેલવા અને 2030ના મધ્ય સુધીમાં US $ 10 ટ્રિલિયન અર્થતંત્ર બનવા માટે સુધારાઓનું પણ સૂચન કરે છે.
- **તાજેતરમાં ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે પોતાની 1000મી વન ડે મેચ રમી ઈતિહાસ સર્જયો હતો.**
  - → આ સાથે 1000 વન–ડે મેચ રમનાર ભારત વિશ્વની પ્રથમ ટીમ બની ગઈ છે. ભારતની આ 1000મી વન–ડે મેચ અમદાવાદના નરેન્દ્રમોદી સ્ટેડિયમ ખાતે વેસ્ટઈન્ડિઝ સામે યોજાઈ હતી. 6 ફેબ્રુઆરી, 2022ના રોજ રમાયેલી આ વન–ડે મેચમાં ભારતે વેસ્ટઈન્ડિઝને 6 વિકેટે પરાજય આપ્યો હતો.
- **ગિરનારના જંગલમાં આવેલી દાતારેશ્વર મહાદેવની જગ્યામાં બિરાજતા અને કાશ્મીરી બાપુ તરીકે ઓળખાતા સંત ઓમકારપુરુજીનું તાજેતરમાં નિધન થયું છે.**
  - → આ કાશ્મીરી બાપુનું મૂળનામ ઓમકારગીરી ગુરુ નિરંજનદેવ હતું.
- **તાજેતરમાં 14 જાન્યુઆરીથી 5 ફેબ્રુઆરી, 2022 દરમિયાન વેસ્ટ ઈન્ડિઝમાં 'અંડર–19 ક્રિકેટ વર્લ્ડ કપ' 2022નું આયોજન થયું હતું.**
  - → વર્ષ 2022માં યોજાયેલો આ 14મો અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાયેલો આ બીજો અંડર–19 ક્રિકેટ વર્લ્ડ કપ હતો. આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડને પરાજય આપીને ભારતે આ વર્લ્ડ કપ પાંચમી વખત જીતી લીધો છે.
  - → કેરેબિયન ટાપુઓના એન્ટિગુઆ ખાતે આવેલ સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં આ ફાઈનલ મેચ યોજાઈ હતી. આ ફાઈનલ મેચમાં ભારતના ઓલરાઉન્ડર ખેલાડી શ્રી રાજ બાવા 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યા હતા.
  - → નોંધનીય છે કે અંડર–19 ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ વર્ષ 1988થી થયો હતો. ત્યારબાદ તે દર બે વર્ષે યોજાય છે.
- **તાજેતરમાં શાંતિશ્રી ધુલીપુડી પંડિતને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU)ના નવા વાઈસ ચાન્સેલર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.**
  - → આ સાથે તેઓ JNUના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર બન્યા છે. તેઓ JNUના કાર્યકારી વાઈસ ચાન્સેલર પ્રોફેસર એમ. જગદીશ કુમારનું સ્થાન લેશે. તેમનો કાર્યકાળ 5 વર્ષનો રહેશે.
- **તાજેતરમાં જ પ્રખ્યાત સંગીતકાર અને ગાયક બપ્પી લાહિરીનું મુંબઈમાં 69વર્ષની વયે નિધન થયું છે.**
  - → બપ્પી લાહિરીનું સાચું નામ આલોકેશ લાહિરી છે. તેમનો જન્મ 27 નવેમ્બર, 1952ના રોજ કલકત્તા ખાતે થયો હતો. બોલિવૂડ સંગીતમાં તેમના યોગદાન બદલ મુંબઈમાં આયોજિત 63મા ફિલ્મફેર એવોર્ડમાં તેમને લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- **દેશની દરિયાઈ સુરક્ષાને વધારવા ભારતના પ્રયાસના ભાગરૂપે, સરકારે વાઈસ એડમિરલ (નિવૃત્ત) 'જી.અશોક કુમારને ભારતના પ્રથમ 'નેશનલ મેરીટાઈમ સિકયુરિટી કોઓર્ડિનેટર' (NMSC) તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.**
  - → દેશને સુરક્ષિત કરવાના એકંદર ઉદ્દેશ્ય સાથે વિવિધ મુખ્ય હિતધારકો વચ્ચે સુમેળ સુનિશ્ચિત કરવાના દ્રષ્ટિકોણથી આ પગલું મહત્વપૂર્ણ છે. 'નેશનલ મેરીટાઈમ સિકયુરિટી કોઓર્ડિનેટર' દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની આગેવાની હેઠળના 'રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય' સાથે સંકલનમાં કામ કરશે.
  - → 'નેશનલ મેરીટાઈમ સિકયુરિટી કોઓર્ડિનેટર' તરીકે જી.અશોક કુમારની પ્રાથમિક જવાબદારી ભારતીય નૌકાદળ, કોસ્ટ ગાર્ડ, દરિયાકાંઠા અને દરિયાઈ સુરક્ષા સાથે સંકળાયેલી વિવિધ સુરક્ષા એજન્સીઓ અને 13 દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સંકલન સ્થાપિત કરવું પડશે.
- **19 ફેબ્રુઆરી, 2022 ના રોજ છત્રપતિ શિવાજી મહારાજની 392મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.**
  - → શિવનેરી કિલ્લામાં જન્મેલા શિવાજી ભોંસલે–મરાઠા કુળના હતા. તેણે મરાઠા સામ્રાજ્યની સ્થાપના કરી અને રાયગઢને તેની રાજધાની બનાવી હતી. છત્રપતિ શિવાજી મહારાજે જેમણે મહારાષ્ટ્રના દરિયાકિનારાની સુરક્ષા માટે આધુનિક યુગમાં ભારતની પ્રથમ નૌકાદળનું નિર્માણ કર્યું હતું.

Banking Academy

- **ભારતના રમેશબાબુ પ્રજ્ઞાનાનંદએ નોર્વેના હાલના વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને હરાવ્યો છે.**
  - → ઓનલાઈન યોજાઈ રહેલી એરથિંગ્સ માસ્ટર્સ ચેસ ટૂર્નામેન્ટના પ્રારંભિક તબક્કના આઠમા રાઉન્ડમાં આ જીત મળી છે. 16 વર્ષીય પ્રજ્ઞાનાનંદ વિશ્વનાથન આનંદ અને પેન્ટાલા હરિકૃષ્ણા બાદ મેગ્નસ કાર્લસનને હરાવનારો ત્રીજો ભારતીય છે.
- **ભારતના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને બજાજ ઓટોના પૂર્વ ચેરમેન રાહુલ બજાજનું તાજેતરમાં 83 વર્ષની વયે નિધન થયું.**
  - → તેમનો જન્મ 10 જૂન, 1983 ના રોજ કોલકાતામાં થયો હતો. તેમને વર્ષ 2001માં પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓ વર્ષ 2006 થી 2010 સુધી રાજ્યસભાના સભ્ય રહી ચૂકયા છે.

## એવોર્ડ, પુરસ્કાર

- **તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે શૈક્ષણિક વહીવટમાં નવીનતાઓ અને શ્રેષ્ઠ વ્યવહારો માટે 5મો રાષ્ટ્રીય પુરસ્કાર રજૂ કર્યો.**
  - → નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ એજ્યુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન (NIEPA) એ જિલ્લા અને બ્લોક સ્તરના શિક્ષણ અધિકારીઓ માટે 'નવીનતાઓ અને શૈક્ષણિક વહીવટમાં શ્રેષ્ઠ પ્રથાઓ માટે રાષ્ટ્રીય પુરસ્કારો' (IGPEA) ની સ્થાપના કરી છે.
- **સાર્વજનિક પુસ્તકાલય (નાસિક)એ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીને 'કાર્યક્ષમ' પુરસ્કાર આપવાનો નિર્ણય કર્યો.**
  - → આ જાહેર પુસ્તકાલય નાસિક, જે 'સવાનાહ' તરીકે ઓળખાય છે. તેની સ્થાપના બ્રિટિશરો દ્વારા વર્ષ 1840 માં કરવામા આવી હતી અને તે રાજ્યની સૌથી જૂની લાઈબ્રેરીમાંની એક છે. તે નાસિકના સામાજિક–સાંસ્કૃતિક માળખાનો અવિભાજ્ય ભાગ છે. 18 વર્ષમાં પહેલીવાર આ એવોર્ડ સાંસદને આપવામાં આવ્યો. જ્યારે અગાઉ ધારા સભ્ય કે MLC ને આપવામાં આવતો.
- **તાજેતરમાં બિલ ગેટ્સને હિલાલ–એ–પાકિસ્તાન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.**
  - → માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સને પાકિસ્તાનમાં પોલિયોને નાબૂદ કરવામાં મદદ કરવા માટે તેમના પ્રયાસો બદલ હિલાલ–એ–પાકિસ્તાન પાકિસ્તાનનો બીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.
- **22 ફેબ્રુઆરી, 2022 ના રોજ પ્રોફેસર નીના ગુપ્તાને યુવા ગણિતશાસ્ત્રીઓ માટે રામાનુજન પુરસ્કાર 2021થી સન્માનિત કર્યા હતા.**
  - → નીના ગુપ્તા કોલકાતાની ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટયૂટની ગણિતશાસ્ત્રી છે.
  - → 'યુવા ગણિતશાસ્ત્રીઓ માટે રામાનુજન પુરસ્કાર' એ ગણિતનો એવોર્ડ છે, જે દર વર્ષે ઈટાલીમાં "ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરેટિકલ ફિઝિકસ" દ્વારા એનાયત કરવામાં આવે છે. તેનું નામ ભારતીય ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ એવોર્ડની સ્થાપના 2004માં કરવામાં આવી હતી અને પ્રથમ વખત 2005માં એનાયત કરવામાં આવ્યો હતો.
  - → 'યુવા ગણિતશાસ્ત્રીઓ માટે રામાનુજન એવોર્ડ' એક વિકાસશીલ દેશના સંશોધકોને આપવામાં આવે છે, જેની ઉંમર 45 વર્ષથી ઓછી છે અને તેમણે વિકાસશીલ દેશમાં ઉત્કૃષ્ટ સંશોધન કર્યું છે.

Banking Academy

## મહત્વના દિવસો

- **1 ફેબ્રુઆરી, 2022 : ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દિવસ**
  – આ વર્ષે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડનો 46મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો.
- **2 ફેબ્રુઆરી, 2022 : વિશ્વ આદ્રભૂમિ દિવસ**
  – થીમ : Wetlands Action for People and Nature
- **4 ફેબ્રુઆરી, 2022 : વિશ્વ કેન્સર દિવસ**
  – થીમ : Close the Care Gap
  – વર્ષ 2022માં 22મો વિશ્વ કેન્સર દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.
- **10 ફેબ્રુઆરી, 2022 : વિશ્વ કઠોળ દિવસ (World Pulses Day)**
- **10 ફેબ્રુઆરી, 2022 : રાષ્ટ્રીય કૃમિ નિવારણ દિવસ**
- **11 ફેબ્રુઆરી, 2022 : વિશ્વ યુનાની દિવસ**
- **11 ફેબ્રુઆરી, 2022 : વિજ્ઞાનમાં મહિલા અને છોકરીઓનો આંતરરાષ્ટ્રીય દિવસ**
- **12 ફેબ્રુઆરી, 2022 : રાષ્ટ્રીય ઉત્પાદકતા દિવસ**
- **13 ફેબ્રુઆરી, 2022 : વિશ્વ રેડિયો દિવસ**
  – થીમ : ઈવોલ્યુશન
- **13 ફેબ્રુઆરી, 2022 : રાષ્ટ્રીય મહિલા દિવસ**
- **14 ફેબ્રુઆરી, 2022 : આંતરરાષ્ટ્રીય એપીલેપ્સી (મિર્ગી) દિવસ**
  – દર વર્ષે ફેબ્રુઆરીના બીજા સોમવારને આંતરરાષ્ટ્રીય એપીલેપ્સી (મિર્ગી) દિવસ (IED) તરીકે મનાવવામાં આવે છે અને આ વર્ષે તે 14 ફેબ્રુઆરી (2022)ના રોજ મનાવવામાં આવ્યો હતો.
- **15 ફેબ્રુઆરી, 2022 : આંતરરાષ્ટ્રીય બાળપણ કેન્સર દિવસ**
- **12 થી 18 ફેબ્રુઆરી : "રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહ"**
  **થીમ – "ઉત્પાદકતા દ્વારા સ્વ–નિર્ભરતા"**
- **20 ફેબ્રુઆરી, 2022 : વિશ્વ સામાજિક ન્યાય દિવસ**
  – થીમ : Achieving Social Justice Through Formal Employment ઔપચારિક રોજગાર દ્વારા સામાજિક ન્યાય પ્રાપ્ત કરવો.
- **21 ફેબ્રુઆરી, 2022 : આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ**
  – થીમ : Using Technology for Multilingual Learning : Challenges and Opportunities
- **22 ફેબ્રુઆરી, 2022 : વિશ્વ વિચાર દિવસ : World Thinking Day**
  – થીમ : આપણું સમાન ભવિષ્ય : પર્યાવરણ અને જાતિ સમાનતા
- **24 ફેબ્રુઆરી, 2022 : સેન્ટ્રલ એકસાઈઝ ડે**
- **27 ફેબ્રુઆરી, 2022 : પ્રોટીન ડે**
- **27 ફેબ્રુઆરી, 2022 : વર્લ્ડ NGO દિવસ**
- **27 ફેબ્રુઆરી, 2022 : World Sustainable Energy Day**
- **28 ફેબ્રુઆરી, 2022 : રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ**

Banking Academy